# THIRD EYE

## એક અનન્ય અનુભૂતિ

Part - 1



- પરાગ શાહ



# THIRD EYE

## એક અનન્ય અનુભૂતિ

Part - 1

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# THIRD EYE

## એક અનન્ય અનુભૂતિ

Part - 1

: અનન્ય અનુભૂતિ :

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

: ભાવ લેખન :

**પરાગ શાહ**

મૂલ્ય : અમૂલ્ય

**: પ્રાપ્તિ સ્થાન :**

**PARASDHAM**

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇ), મુંબઇ-400077.

ફોન : 022-2501 5152

12/A, બકુલ બગાન રો, કોલકત્તા-700025

ફોન : 91-33-24750003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ, રાજકોટ-360005.

ફોન : 0281-2577630

**PAWANDHAM**

મહાવીરનગર, B.C.C.I. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વે), મુંબઇ - 400067

ફોન : 022-28093822/33

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઇ નગર, વડોદરા - 390007

ફોન : 91-265-3293232

# PREFACE

શિષ્ય અને ગુરુ...
શિષ્ય જ્યારે પહેલી વાર ગુરુનાં દર્શન કરે છે...
ત્યારે ગુરુની બે આંખોમાંથી નીકળતા Rays
શિષ્ય માટે પ્રેરણા બની જાય છે અને શરૂઆત
થાય છે એક Journey ની પરમ થકી, પર થી
પર થઈને સ્વને પામવાની...

આ Journey માં ડગલે અને પગલે અનુભવાય
છે- ગુરુનાં પરમ તત્વને... Third Eye ને...

Two Eyes વાળા મનુષ્યને જ્યારે ગુરુની
Third Eye નો પરિચય થાય છે ત્યારે
તે યાત્રા બની જાય છે-

**અવિસ્મરણીય અનુભૂતિ...**

## CONTENT

LOVE AT FIRST SIGHT

EGO-SKIP THE 'E' AND LET IT 'GO'

ITS ALL ABOUT CONNECTIONS

CRACK THE JACK

ITS NOT MAGIC YET MIRACULOUS

UNDER YOUR GRACE

SURRENDER TO SAFETY

ADDICTED OR DEDICATED?

LOVE AND CARE

PARTNERSHIP WITH PARMATMA

MISSING MY VALENTINE

PARASDHAM - ITS POSITIVE!

AARADHYAJI - A DIVINE CALL.

# LOVE AT FIRST SIGHT

આજથી બરોબર નવ વર્ષ અને સાત મહિના પહેલાં એટલે કે તા. ૧૪-૨-૨૦૦૩ નો દિવસ મારાં જીવનનો સૌથી લાભદાયક, ઉપકારી રહ્યો. ૧૪ ફેબ્રુઆરી એટલે દુનિયા વેલેન્ટાઇન ડે ઉજવે છે. વેલેન્ટાઇન ડે લોકો એટલા માટે કહે છે, કે તમને તમારું પ્રિય મળે. તે દિવસ ખરેખર મારા માટે તો વેલન્ટાઇન ડે બની ગયો. મને મારા જનમોજનમનાં માર્ગદર્શક મારાં ગુરુ મળ્યા. **ગુરુ માત્ર પૂજ્ય જ નથી હોતા, પ્રિય પણ હોય છે.**

મને આજે પણ તે દિવસ, તે સમય, તે ઘડી બરોબર યાદ આવે છે. મારી આંખો સામે તે દ્રશ્ય ઉપસી આવે છે. ગુરુદેવનાં પ્રથમવાર દર્શન... તે પાવન ઘડી ! યાદ આવતાં આજે પણ આંખો ભીની થઇ જાય છે.

ગુરુદેવ મુંબઇ-ઘાટકોપર પધારેલ, પરંતુ હું ઉપાશ્રય-દેરાસરમાં ખાસ જતો ન હતો. તેથી તેમનાં મુંબઇ પ્રવેશની ખબર ન હતી. મને યાદ છે...

પહેલો ફોન જશુભાઇ ભાયાણીનો આવેલ. તેમણે મારાં ઘરે ફોન કરી માનસી–મારી વાઇફને ખબર આપેલ કે, "ઘાટકોપરમાં એક ખુબ વિદ્વાન મહારાજ સાહેબ પધારેલ છે. તેમનાં દર્શન કરવાનું ચૂકતાં નહીં." અને માનસી એ મને જણાવ્યું કે જશુભાઇનો ફોન આવેલ અને મારો જવાબ હતો કે મહારાજ તો બધા વિદ્વાન જ હોય. તેમાં નવું શું કહ્યું ? અને દર્શન કરવાની કોઇ જ ઇચ્છા ન દેખાડી. કદાચ નાસમજ હશે.. કદાચ ઘમંડમાં રહ્યો હોઇશ. કે પુણ્યનો ઉદય કદાચ નહીં થયો હોય. બે–ચાર દિવસમાં તો ઘણાં લોકોનાં મોઢે ગુરુદેવની વાતો સાંભળી અને દરેક જણ કહેતાં કે, પરાગભાઇ એક દિવસ દર્શન કરતાં આવજો. મને યાદ છે, મારાં તે દિવસનાં ઘમંડી વિચારો. ચાલ એકવાર દર્શન કરી આવું, કમસે કમ કોઇ પૂછે તો કહેવા તો થાય કે, હા! મેં દર્શન કર્યા છે. રાત્રે માનસીને કહ્યું કે આપણે કાલે સવારે નમ્રમુનિ મહારાજ સાહેબના દર્શન કરવાં જઇશું...

બીજે દિવસે સવારે માનસી તો ગુરુદેવનાં દર્શન કરવાની આતુરતામાં જલ્દી તૈયાર થઇ ગઇ. મને તૈયાર થતાં વાર લાગી. તેમાં પણ થોડી થોડી

વારે માનસી જલ્દી તૈયાર થવાનું કહેતી હતી. આદત મુજબ ગુસ્સો આવ્યો અને મે માનસીને કહ્યું, મહારાજ સાહેબના દર્શન કરવા મારે નથી આવવું. તારે જવું હોય તો જા. માનસીએ મને સાથે આવવા આગ્રહ કર્યો પણ મારાં અહમમાં રહ્યો અને માનસી સાથે ગુરુદેવનાં દર્શાન કરવા ન ગયો. માનસી કમને એકલી ગુરુદેવનાં દર્શાન કરવા મમ્મી ઈન્દિરાબેન સાથે ગઇ.

ગુરુદેવ ત્યારે કામા ગલી ઉપાશ્રયમાં બિરાજમાન હતાં. માનસીએ ગુરુદેવનાં દર્શાન કર્યા અને તેમની પાસે બેઠી, દસ-પંદર જણ બેઠા હતાં અને ગુરુદેવ માનસીની સામે જોતા રહ્યાં. અચાનક બોલ્યા ''કોઇને દર્શાન કરવા માટે આગ્રહ કરીને ન લાવી શકાય. દર્શાન તો આસ્થાનો વિષય છે.'' આટલું બોલીને તેમણે માર્મિક સ્મિત આપ્યું. માનસી તો અચંબામાં પડી ગઇ અને મૂંઝાવા લાગી. વિચારવા લાગી કે ગુરુદેવને કેવી રીતે ખબર પડી હશે. થોડીવાર પછી ગુરુદેવે માનસીને કહ્યું કે તમે હવે તમારાં વરને ફોન કરો તે દર્શાન કરવા આવશે. માનસી તો મને વર્ષોથી ઓળખતી હોવાથી તેણે કહ્યું કે, ''ગુરુદેવ તે ખુબ જ ગુસ્સાવાળો છે.

તેણે એકવાર ના પાડી એટલે હવે આવવાના કોઇ ચાન્સ જ નથી...'' ગુરુદેવે ફરી સ્મિત આપ્યું અને બોલ્યા. **'જોઇએ આપણે ! તમે તમારાં વરને વધારે સારી રીતે ઓળખો છો કે હું.'** માનસીએ ગુરુદેવનાં કહેવાથી મને ફોન કરીને પૂછ્યું કે હું મહારાજ સાહેબ પાસે છું તું આવે છે ? તે સમયે હું તો ઓફીસ પહોંચી ગયો હતો પણ ખબર નહીં શું થયું.... મેં મારા સ્વભાવની વિરૂધ્ધ હોવા છતાં માનસીને કહ્યું હું આવું છું. દસ પંદર મિનિટ લાગશે. હું અડધા કલાક પછી ઉપાશ્રય પહોંચ્યો. પચ્ચીસ-ત્રીસ જણ બેઠા હતાં. ગુરુદેવને મેં પહેલી વાર જોયા. તેમણે પણ મને પહેલી વાર જોયો છતાં જાણે મને વર્ષોથી ઓળખતાં હોય તેમ મારી સામે જોયું અને માનસીને ઇશારો કર્યો કે જો આવી ગયો ! હું વિચારવા લાગ્યો કે મને વળી કેવી રીતે ઓળખ્યો હશે અને માનસી માટે તો આ બીજો અનુભવ થયો, તેને પણ વિચાર આવ્યો કે આમ વગર ઓળખાણે ગુરુદેવ પરાગને કેવી રીતે ઓળખે છે ?

તે પાવન ઘડી આવી ગઇ. જ્યારે મારાં પુણ્યનો ઉદય થયો. મારી અને ગુરૂદેવની આંખો મળી હું તો તેમની સામે જોતો જ રહ્યો, જાણે મારી

સામે ભગવાન હોય. હું ચોક્કસ પણે માનું છું મારા હૃદયમાં જેવા ભાવ ઉભરાવા લાગ્યા હતા, તેવા જ ભાવ ગૌતમનાં હૃદયમાં મહાવીર ભગવાનને જોઇને ઉછળ્યા હશે. હું ધીરેથી પગે લાગી તેમની સામે બેસી ગયો. અને તેમને જોતો જ રહ્યો, અચાનક આંખ માંથી દડ-દડ આંસુ નીકળવા લાગ્યા. હું મારી જાતને રોકી જ નહોતો શકતો. મને ખબર નહોતી પડતી કે હું રડી શા માટે રહ્યો છું? પહેલી વાર ગુરુદેવને જોયાં, પહેલી વાર તેમને મળ્યો છતાં એક આત્મિયતા છલકાવા લાગી, જાણે એમને જ મળવા જન્મ લીધો હોય! જાણે હું તો તેમને વર્ષોથી ઓળખતો હતો. ના! ના! વર્ષોથી નહીં. **જાણે હું તો તેમને જન્મો જન્મ થી ઓળખતો હતો!**

મારી નજર તેમના ઉપરથી હટતી ન હતી. તેમનાં મુખ ઉપર કોઇક અલગ જ પ્રકાશનું તેજ હતું. માથે લોચ કરાવ્યો હતો. તેમનું માથું ચમકી રહ્યું હતું. હું કાંઇ જ બોલી નહોતો શકતો અને તેઓ પણ મારી સામે જ જોતાં હતાં. તેમની આંખો જાણે મને કહેતી હતી કે, મેં તો તને ઓળખી લીધો. તે મને હજી નથી ઓળખ્યો? અમારું મૌન

એકબીજાને કંઇક કહેતું હતું, હું વિચારતો રહ્યો... મારી સાથે શું થઇ રહ્યું છે? ખબર પડતી નહોતી. ખબર પાડવી પણ નહોતી! જે ફીલિંગ્સ આવતી હતી.. હૃદયનાં ભાવ બદલાતા હતાં તેનાથી મને ખૂબ સારું લાગતું હતું. થોડીવાર તેમની સામે ચૂપચાપ બેઠો. તે સમયે બીજા અમુક દર્શનાર્થી ગુરુદેવનાં દર્શન કરવાં માટે આવતાં હતાં. દરેક લોકો ગુરુદેવને વંદન કરતાં હતાં. મને ગુરુદેવને જોઇને ભગવાન મળ્યા તેવી ફીલિંગ આવવા છતાં, મારા હૃદયમાં તેમના માટે ઉત્કૃષ્ટ ભાવ પ્રગટ્યા હોવા છતાં, ખબર નહીં, મેં તેમને વંદના ના કરી. કેવો પાપી આત્મા હતો હું! ગુરુદેવની સામે વંદના કરવા માટે પણ ઝૂકતો ન હતો. મને આજે ખૂબ જ દુઃખ થાય છે, કે હું એવો તે કેવો ઘમંડી આત્મા કે સાક્ષાત ભગવાનનાં રૂપ સમાન ગુરુ સામે છે અને મારામાં એટલો પણ વિનયભાવ નથી કે તેમની સામે વાંકા વળીને વંદના કરું. ન તેઓ વધુ કાંઇ બોલ્યા ન મેં વાત કરી.

થોડીવાર પછી મેં ગુરુદેવની આજ્ઞા લીધી અને ઓફીસ જવા ઉભો થયો. તે કાંઇ જ ન બોલ્યા. પરંતુ તેમની આંખો જાણે મને આશીર્વાદ આપતી

હતી. જાણે મને કહેતી હતી કે આજની ઘડી, આજનો દિવસ તારી જીંદગીનો સૌથી મોટો અને ઉત્તમ દિવસ છે... પાવન દિવસ છે...

ગુરુદેવનાં દર્શન કરી હું ઓફીસ ગયો. હવે શું થશે? મારા મનની સ્થિતિ કેવી હશે? મારી આંખો સામે કોણ તરવરતું હશે? મારાં કાનમાં કોનો અવાજ આવતો હશે? કોની હાજરીની નોંધ લેવાનું મારું મન કહેતું હશે? દર થોડી થોડી વારે મને કોની સુગંધ આવતી હશે?

ગુરુદેવ**!** ગુરુદેવ**!** ગુરુદેવ**!**

મને આખો દિવસ દરેક જગ્યાએ ગુરુદેવનું દેખાવુ, તે ખુબ ગમતું હતું. આવો અનુભવ કદી થયો ન હતો. સ્વપ્ને પણ નહોતું વિચાર્યું કે મારી મનઃ સ્થિતિ આવી પણ થઇ શકે!! સાંજ સુધીમાં તો **તુમાખી અને ગુસ્સાવાળો એક માણસ, ઘમંડ અને પૈસાના રૂઆબવાળો એક માણસ, નરમ ઘેશં જેવો થઇ ગયો.** હૃદયનાં ધબકારા જોરથી ધબકવા લાગે... અને મન, આત્મા ભગવાનનો ઉપકાર માનવા લાગે કે તેમની કૃપાથી મને મારાં ગુરુ, મારા સારથી, મારા જીવન સુધારક, એક સાચા મિત્ર,

મારા આત્મઉધ્ધારક, મારા ભવોભવના તારણહાર મળ્યાં. મારા સુખદુઃખનાં સાથી મળ્યા, સુખમાં ઓછા અને દુઃખમાં વધુ સાથ આપનાર **'ગુરુ'** મળ્યાં.

તે જ દિવસે મોડી સાંજે નવ વાગે હું બ્રિચકેન્ડી તરફ એક મીટીંગ માટે જવા ઘરેથી નીકળ્યો. મારાં ઘરેથી એકાદ બે કિલોમીટર ગાડી ચલાવી, ત્યાં મને ગુરુદેવ પાસે જવાની, તેમના દર્શન કરવાની ઈચ્છા થઇ. મીટીંગમાં જવાનું મોડું થતું હોવા છતાં, મેં ગાડી ફેરવી. લાઇફમાં પહેલીવાર સાંજ પછી ઉપાશ્રયમાં ગયો. સાથે થોડોક સંકોચ પણ થતો હતો કે ગુરુદેવની સાથે શું વાત કરીશ. તેમને કદાચ નહીં ગમે તો ? છતાં પણ મને જાણે લોહચુંબક ખેંચી રહ્યું હોય તેમ હું ઉપાશ્રયમાં પહોંચી ગયો. રાત્રે ૯.૧૫-૯.૨૦ થઈ જશે. ઉપાશ્રયમાં શાંતિ હતી. કોઇ દર્શનાર્થી નહોતાં. ફક્ત પિયુષમુનિ બેઠાં બેઠાં કાંઇક વાંચન કરી રહ્યા હતાં. મેં પિયુષમુનિને ગુરુદેવનાં દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ ગુરુદેવ સૂઇ ગયાં હતાં એટલે હું દર્શન ન કરી શક્યો અને મીટીંગમાં જવા પાછો નીકળી ગયો.

હજી તો બે-ત્રણ કિલોમીટર ગયો અને ફરી ગુરુદેવનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા થઇ... કાંઇ સમજાતું નહોતું કે હું શું કરી રહ્યો છું? પાછો એક યુ ટર્ન...અને ઉપાશ્રય... પાછી પિયુષમુનિને વિનંતી... ''હું ગુરુદેવને ઉઠાડીશ નહી, ફક્ત દર્શન કરીને નીકળી જઇશ.'' પિયુષમુનિ પણ અચરજથી મારી સામે જોવા લાગ્યા અને મને ઈશારાથી જ રૂમમાં જવાની હા પાડી. મારા સદ્‌ભાગ્યે રૂમનો દરવાજો ખુલ્લો હતો! મે ધીમેથી અંદર નજર કરી. ગુરુદેવ શાંતિથી સૂતા હતાં અને હું તેમના દર્શન કરી રહ્યો હતો. મને શું થઇ રહ્યું હતું, કાંઇ જ સમજણ પડતી નહોતી. પણ ખૂબ ગમી રહ્યું હતું... તે પળ ખૂબ પ્યારી લાગી રહી હતી.

હું ઉભો જ હતો, ત્યાં બે મિનિટમાં ગુરુદેવની આંખો ખુલી અને મને જોઇને તે બેઠાં થયા. મેં 'પ્રણામ' કર્યા... ગુરુદેવ બોલ્યા : ''આવી ગયો? ક્યારનો રાહ જોતો હતો. ક્યારે ઉંઘ આવી ગઇ, તે ખબર ન પડી.'' હું વિચારવા લાગ્યો કે હું ક્યાં આવવાનો હતો? જરૂર કોઇ રોંગ નંબર લાગ્યો છે. પણ મેં કોઇ ચોખવટ ન કરી અને ચુપચાપ તેમની પાસે બેસી ગયો. બંનેએ કાંઇ ખાસ

વાતોની આપ-લે ન કરી પણ જાણે તેઓ મને આંખોથી ઘણું ઘણું કહી રહ્યા હોય તેવું લાગ્યું. દસેક મિનિટ પછી હું ઉભો થયો, 'ગુરુદેવે કહ્યુંઃ ''બેસ થોડીવાર! કેટલાં વખત પછી આપણે મળ્યા છીએ... શું ઉતાવળ છે?'' હવે મને પાક્કું થઇ ગયું કે કોઇ રોંગ નંબર જ છે. કારણ કે હું તો તેમને પહેલા કોઇ દિવસ મળ્યો જ ન નહતો એટલે મેં તેમને ચોખવટ કરી કે, ''ગુરુદેવ! હું પરાગ શાહ છું. આપણે સવારે જ મળ્યા હતાં. તમે કોઇક બીજાની રાહ જોતા હશો.''

ગુરુદેવે કહ્યું કે, 'હા! ભાઇ મને ખબર છે, અને હું તારી જ વાત કરી રહ્યો છું. યાદ કરીશ તો તને પણ યાદ આવશે કે **આપણે પહેલા પણ મળ્યાં છીએ... જનમો જનમ મળ્યાં છીએ... સાથે રહ્યા છીએ...** મને તો કંઇ જ સમજાતું નહોતું પણ અવર્ણનીય ફીલિંગ્ઝ થવા લાગી અને મારી આંખોમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યા. પછી પાંચ મિનિટ થઈ અને હું ઉભો થઇ ગયો, કહ્યું કે, 'ગુરુદેવ! મારી ૧૦.૦૦ વાગે બ્રિચકેન્ડી મીટીંગ હતી. અત્યારનાં ઓલરેડી ૧૦.૧૫ તો ઘાટકોપરમાં જ થઇ ગયા છે. મને મોડું થશે. હવે મારે જવું પડશે.

ગુરુદેવે આજ્ઞા આપી અને કહ્યું કે **મોડું નહી થાય, તું બ્રિચકેન્ડી સમય પહેલા જ પહોંચી જઇશ.'** હું નીકળ્યો અને ગુરુદેવની વિદ્વાનતા ઉપર મૂર્ખની જેમ હસવા લાગ્યો.. મીટીંગમાં એક કલાકથી વધારે લેટ હોવા છતાં ગુરુદેવ કહે છે... બિફોર ટાઈમ પહોંચી જઇશ. હું રાત્રે ૧૧.૧૦ વાગ્યે બ્રિચકેન્ડી પહોંચ્યો. જેમને મળવાનું હતું તેમના ઘરની લિફ્ટ પાસે ઉભો હતો. ત્યાં જ તે ભાઇ બહારથી આવ્યા અને બોલ્યા, 'સોરી! સોરી! મને બહુ લેટ થઇ ગયું. ટ્રાફિક જામ હતો. અને મારા મોબાઇલની બેટરી પણ ચાર્જ ન હોવાથી હું તમને ઇન્ફોર્મ પણ ન કરી શક્યો.' મને તરત ગુરુદેવના શબ્દો યાદ આવી ગયા. તું સમયસર પહોંચી જઇશ અને મને ગુરુદેવની વાણીનું મહત્વ સમજાયું.

મીટીંગ પૂરી કરી રાતના ઘરે આવ્યો. આખી રાત જાણે ઉંઘ જ ન આવી. યાદ કરવાની કોશિશ કરતો રહ્યો કે, ગુરુદેવને હું ક્યારે અને ક્યા ભવમાં ક્યા સ્વરૂપમાં મળ્યો હોઇશ?

બીજે દિવસે ફરી મોડી સાંજે ગુરુદેવનાં દર્શન કરવા ગયો. વાત વાતમાં ગુરુદેવે મને પૂછ્યૂં,

''તારાં ઘરે પગલાં કરવા ક્યારે લઇ જઇશ?'' હું ખુશ થયો અને કહ્યું, ''તમે કહો ત્યારે તરત જ.'' ગુરુદેવે કહ્યું કે ત્રણ ચાર દિવસ પછી તેમની અનુકૂળતાએ તેઓ પધારશે. ત્યાંથી બહાર નીકળી મેં માનસીને ફોન કરી કહ્યું કે, ''ગુરુદેવે કહ્યું છે કે તે આપણા ઘરે પગલાં કરશે.'' માનસી માનવા જ તૈયાર નહોતી. તે કહે કે ''ગુરુદેવને અનેક વાર વિનંતી કરીએ ત્યારે છેક ગુરુદેવ હા પાડતા હોય છે અને તને તેમણે સામેથી કહ્યું. તારી કોઇ ગેરસમજ થઇ હશે.'' વધારે આર્ગ્યુમેન્ટ ન કરતાં મેં તેને કહ્યું કે કાલે સવારે આપણે સાથે જઇને ફરી પૂછી લઇશું.

તે રાત્રે ૨.૩૦ વાગે મારી આંખ ખુલી ગઇ અને **મને જાણે એમ લાગ્યું કે ગુરુદેવ સામે ઉભા છે.** પછી થયું ગુરુદેવ તો મને આજકાલ બધે જ દેખાય છે. અને ઉંઘ પણ બહુ આવતી હતી એટલે ગોદડું માથે ઓઢીને સુઇ ગયો.

સવારે હું અને માનસી ગુરુદેવનાં દર્શન કરવા ગયા. હજી માનસી કે હું તેમને કાંઇ કહીએ તે પહેલાં તો તે જ બોલ્યા ''તારુ ઘર તો સરસ છે. હું કાલે આવી ગયો. હવે ફરી આવવાની જરૂર નથી.''

હું અને માનસી એકબીજાની સામે જોવા લાગ્યા. ત્યાં જ ગુરુદેવે કાગળ ઉપર મારા ઘરનો પ્લાન દોરીને આપ્યો અને તેઓ આવ્યા હતા તેની ખાતરી કરાવી અને બોલ્યાં, ''મેં તને ઉઠાડયો હતો, પણ તું તો ગોદડું ઓઢીને સઇ ગયો.'' હું તો આશ્ચર્યમાં હતો!

# 'EGO'
# SKIP THE 'E' AND LET IT 'GO'

બે-ત્રણ દિવસ પછી હું મુંદ્રા (કચ્છ) ગયો હતો. મારું ત્યાં કામ ચાલતું હોવાથી, ત્રણ ચાર દિવસ રોકાવાનો હતો. માનસીનો ફોન આવ્યો કે કાલે ઉવસગ્ગહરં સ્તોત્રના જાપ છે. અને એક અભિમંત્રિત ફ્રેમની ઉછામણી છે. આપણે ઉછામણીનો લાભ લેવો જોઇએ. મેં હા પાડી. મને એમ કે પાંચ-દસ હજારની ઉછામણી હશે. ત્યાં જ માનસીનો ફોન આવ્યો કે પચ્ચીસ ત્રીસ હજારની ઉછામણી હશે. મેં હા પાડી. સાંજ સુધીમાં માનસીના ચાર પાંચ વાર ફોન આવ્યા કે ઉછામણી વધુ રૂપિયાથી થઇ તો? તેના ભાવ ઉત્કૃષ્ટ હતાં પણ મારા માટે જાણે એક બોલી હતી. મેં તેને કહ્યું કે ગમે તેટલાં રૂપિયા થાય. **આપણો વટ પડવો જોઇએ...** તુ ઉછામણી બોલીને ફ્રેમ લઇ જ લેજે.

બીજા દિવસે માનસીનો ફોન આવ્યો કે આપણને ફ્રેમ મળી ગઇ. અને મને પૂછ્યું કે, ''બોલ કેટલાં રૂપિયાની ઉછામણી થઇ હશે?'' મને અંદાજ

હતો ચાર લાખ રૂપિયાનો. તેણે કહ્યું: ''**ગુરુદેવે આજે વગર ઉછામણીએ તે ફ્રેમ મને આપી દીધી.**''

બે દિવસ પૂછી હું મુંબઇ આવ્યો અને ગુરુદેવનાં દર્શન કરવા ગયો. ત્યારે મેં તેમને વગર ઉછામણીએ તે ફ્રેમ માનસીને આપી દેવાનું કારણ પૂછ્યું. ગુરુદેવે સમજાવ્યું કે, ''જો તમે કોઇ સાત્વિક ચીજ, કોઇ સૂરી વસ્તુ તમારા ઘરે લઇ જાવ છો તો તમારાં ઉછામણી બોલતી વખતે ભાવ પણ સુરી હોવા જોઇએ! માનસીના ભાવ સુરી હતાં પરંતુ તારા ભાવ ફ્રેમની ઉછામણીમાં તારો વટ પાડવાનો હતો. એક પ્રકારનો અહંકાર હતો. જેથી તારા ભાવ અસુરી થઇ જાત અને સુરી વસ્તુ તમારાં ઘરે લઇ ગયાં બાદ પણ તમને તેનાથી કોઇ શાંતિ ન મળત એટલે મેં ઉછામણી ન કરી.'' મને મારી ભૂલ સમજાઇ ગઇ. મેં તેમની માફી માગી અને ધર્મભાવના સેવી કે આજ પછી કદી કોઇ પણ ઉચ્છામણીમાં કદી આવા ભાવો ન કરાય. **ધર્મ તો અહં શૂન્ય કરવા કરાય, વધારવા માટે નહીં.**

ખરેખર ગુરુદેવે સમજાવ્યું ત્યારે સમજણ પડી કે આ પ્રકારનાં વિચાર પણ એક પાપ ભાવના

બાંધે છે. ગુરુકૃપા હતી તો હું આ ભાવથી બચી ગયો અને ફરી ફરી પાપ બાંધતો અટક્યો.

આ દિવસો દરમ્યાન દરરોજ ગુરુદેવનાં દર્શન કરવાનો નિયમ થઇ ગયો. પછી તો જ્યાં સુધી તેમનાં દર્શન ના થાય ત્યાં સુધી મનને શાંતિ ન થાય. ગુરુદેવ ગમે ત્યાં હોય, તેમના દર્શન કરવા જવાનું થાય. ગુરુદેવ માટે એવી આત્મિયતા બંધાઇ ગઇ કે ગુરુદેવે તો માતા, પિતા, બંધુ કે સર્વનું સ્થાન લઇ લીધું. **મારા માટે ગુરુદેવ સર્વે સર્વા બની ગયા.** મારું જીવન બદલાવા લાગ્યું, મારી લાઈફ સ્ટાઈલ બદલાવા લાગી.

મને ગુરુદેવ પાસે જ જોઇને મારા સગાં, મિત્રો અચરજ અનુભવવા લાગ્યા છે. **સમાજની વિચિત્રતા છે: જ્યારે કંઇ સારું થતું જોવે ને તો તે સારું છે તેવું સ્વીકારવું તેમના માટે કઠીન હોયછે.** ઘણાએ મને સમજાવ્યો, કે મહારાજ સાહેબનાં દર્શન કરવા જવું સારું છે પણ તેઓની બહુ નજીક ન જવું જોઇએ. કોઇકે તો વળી મને ત્યાં સુધી કહ્યું કે તુ ક્યાં આ બાવાના ચકકરમાં પડી ગયો?

મારા ઉપર આ સલાહોની કોઇ અસર ન હતી. હું જાણતો હતો કે મને મારી મંઝીલ મળી ગઇ છે. મને મારા ગુરુ, મારા તારણહાર મળી ગયાં છે, જેણે હંમેશા મને, બધું આપ્યું છે. સુખ, શાંતિ, પ્રેમ. જીવન જીવવાની સાચી રાહ. ફક્ત આ જ જન્મ નહી, જન્મો જન્મ સુધારવાની રાહ. ગુરુદેવ! હું તમારો ખૂબ ખૂબ આભારી છું. તમે મારા જીવનમાં ન આવ્યા હોત તો આ જીવ કેવી અવગતિમાં પડયો હોત! તે વિચાર આવતાં જ કંપારી છૂટે છે.

# Its all about connections

એક દિવસ ગુરુદેવનો ઘાટકોપરથી અંધેરી વિહાર હતો. અમે ૧૦-૧૨ લોકોએ સવારનાં વહેલાં ગુરુદેવ સાથે ચાલતા ચાલતા અંધેરી તરફ પ્રયાણ કર્યું. ચાલતા હતાં ત્યાં અચાનક ગુરુદેવ મને કહે કે, 'ચાલ! તને એક વાર્તા કરુ છું.' મને પણ ગમ્યું. ચાલવાનો થાક મહેસૂસ નહીં થાય અને ગુરુદેવે વાર્તા શરૂ કરી.

એક રાજા હતો. ખૂબ સુખી, સમૃધ્ધ, શાંત, પ્રજાને સુખી માનનારો. તેનો એક એક બોલ પ્રજા માટે આજ્ઞા સમાન હતો. રાજાને રાજ દરબાર, રાણીઓ, પ્રજા, સત્તા દરેક પ્રકારનું સુખ હતું. એક દિવસ વહેલી સવારે કોઇક સ્વપ્ન જોયું અને રાજાની ઉંઘ ઉડી ગઇ. સ્વપ્ન ધૂંધળું હતું. યાદ નહોતું આવતું પણ રાજા અચાનક ઉદાસ થઇ ગયાં. તેનું ધ્યાન ક્યાંય લાગતું નહોતું. તેને કારણ ખબર ન હતી, પણ તે બેબાકળા થવા લાગ્યા. અચાનક જીવનમાં કંઇક ખૂટતું હોય તેવું લાગવા લાગ્યું. રાજા મૂંઝાવા લાગ્યા કે શું ખૂટે છે ? પણ જવાબ ન

મળે. ખુશી ખૂટે છે તેવું સમજાવવા લાગ્યું. પણ ખુશી કઇ? શું મળે તો આત્મા ખુશ થાય? છેવટે રાજાનાં પ્રધાને રાજઘોષણા કરાવી. જે રાજાને ખુશ કરે, રાજાની બેચેનીનું કારણ ગોતે, રાજાને શું ખુટે છે તેની જાણ કરે, તેને ૧,૦૦૦ સોનામહોર ઈનામ આપવામાં આવશે. આજુબાજુના ગામમાં પણ જાહેરાતો કરવામાં આવી.

અનેક નટ-નટીઓએ રાજાને વિવિધ ખેલ બતાવી ખુશ કરવાનાં પ્રયાસો કર્યા. જાદુગરોએ જાત-જાતનાં જાદુના ખેલ દેખાડયા. નર્તકીઓએ નૃત્ય કરીને રાજાને ખુશ કરવાનાં પ્રયત્નો કર્યા. પરંતુ રાજાને ખૂંટતું ન મળ્યું. અને રાજા વધુ નિરાશ રહેવા લાગ્યો. નગર શેઠોએ પોતાનાં ભંડાર રાજા માટે ખુલ્લા મુક્યાં પણ રાજાને સંપત્તિ નહોતી જોઇતી. નજીકના રાજાઓએ પોતાની કુંવરીઓના માંગા મોકલ્યા પણ રાજાને તો રાણીઓનો પણ ખપ નહોતો રહ્યો.

બધા લોકોએ રાજાને તેમનાં દુઃખનું કારણ પૂછ્યું, પરંતુ રાજાને પોતાને જ ખબર ન હોય તો કારણ શું કહે? રાજાને ફકત સ્વપ્નમાં એક જૈન

મુનિ હતાં તેટલું જ યાદ આવતું. તો ક્યારેક બે હંસોનું જોડુ દેખાયું હતું તેટલું યાદ આવતું.

એક દિવસ બાજુનાં ગામમાં એક ગરીબ ગવૈયાનાં ઘર પાસેથી એક જૈનમુનિ વિહાર કરતાં વિચરતાં હતાં. સાંજ પડવાની તૈયારી હતી એટલે જૈનમુનિએ ગવૈયાનાં ઘરે ઉતારાની ભાવના કરી અને ગૌચરી મળે તો વહોરવાનાં ભાવ રાખ્યાં. ગવૈયાએ કહ્યું હું તમારી ગૌચરીનો બંદોબસ્ત કરું, તમને રાતવાસો કરવા દઉં, પણ તેનાથી મને શું ફાયદો? તમે મને શું સોનામહોર આપશો? ગુરુ મહારાજે સ્મિત આપ્યું અને કહ્યુંઃ ''ભાઇ ફકીર પાસે સોનામહોર ક્યાંથી હોય? પણ હું તને સોનામહોરનો ખજાનો દેખાડી શકું.'' ગવૈયાએ તે સાંભળીને મુનિશ્રીને ઉતારો આપ્યો.

શરત મુજબ ગવૈયાએ રાત્રે મુનિશ્રી પાસે ખજાનાનો રસ્તો પૂછ્યો. મુનિએ કહ્યુંઃ ''ચાલ હું તને પહેલાં એક સુંદર વાર્તા કરું, પછી ખજાનાનો રસ્તો.'' ગવૈયાએ હા પાડી અને વાર્તા સાંભળવામાં લીન થઇ ગયો. વાર્તા સાંભળતા ને વાર્તાનો અંત આવે તે પહેલાં ગવૈયાને ઉંઘ આવી ગઇ.

સવારે ઉઠીને જોયું તો મુનિ વિહાર કરી ગયા હતાં. ગવૈયાને થયું, શું જમાનો આવ્યો છે. જૈનમુનિઓ પણ પોતાનાં વચનનું પાલન નથી કરતાં. મુનિશ્રી ખજાનાનો રસ્તો બતાવ્યા વગર જ ચાલી નીકળ્યા.

બીજી બાજુ રાજાની વ્યાકુળતા વધતી જતી હતી. શું ખૂટી રહ્યું છે તેની શોધ ચાલી રહી હતી. રાજાને રીઝવવાની કોશિશ ચાલી રહી હતી. ઇનામ રકમ વધારીને ૧૦,૦૦૦ સોનામહોર કરી દેવામાં આવી.

ગવૈયાને મુનિશ્રીની વાર્તા બહુ સારી લાગી હતી. તેણે મુનિની વાર્તામાંથી ગીત બનાવ્યું અને તેના ગીતને અંતિમ સ્વરૂપ આપીને રોજીરોટી કમાવવા, પોતાના ગીતો બીજાઓને સંભળાવવા માટે બાજુનાં ગામમાં પહોંચ્યો. ત્યાં રાજાના સિપાહીઓ ૧૦,૦૦૦ સોનામહોરની જાહેરાત કરતાં હતાં. જાણે કે ગવૈયાને કહેતા હોય કે ભાઇ તને ખજાનાનો રસ્તો બોલાવે છે. ગવૈયાને વિચાર આવ્યો, ચાલ હું પણ મારું નસીબ અજમાવી જોઉં.

ગવૈયો મહેલમાં પહોચ્યો અને તેણે રાજાને કહ્યું: ''રાજવી, તમારા જીવનમાં કદાચ સંગીત ખૂટી રહ્યું છે. આપની આજ્ઞા હોય તો હું એક ગીત સંભળાવી આપને પ્રફુલ્લિત કરવાની કોશિશ કરું.'' રાજવીએ આજ્ઞા આપી અને ગવૈયાએ મુનિશ્રીની વાર્તામાંથી જે ગીત બનાવ્યું હતું તે સંભળાવવાનું શરૂ કર્યું.

ગીતમાં બે ભાઇઓનાં સાત જન્મની વાત હતી. બે ભાઇ હોય છે, પહેલાં જન્મમાં તેઓએ ક્ષત્રિય કૂળમાં જન્મ લઇ ભાઇ બન્યા હતા. બીજા જન્મમાં બન્ને હંસ બને છે. ત્રીજા જન્મમાં હાથી, ચોથા જન્મમાં દેવલોકનાં દેવ, પાંચમાં જન્મમાં નાગલોકમાં અને છઠ્ઠામાં બન્ને ફરી મનુષ્ય જન્મ ધારણ કરી જૈન મુનિ બન્યા હોય છે. છ જન્મની વાત ગવૈયાએ વિસ્તારથી કરી. રાજા તો વાર્તા સાંભળતા જ રહ્યા. રાજાને વાર્તા ઉપરથી તેમનું સ્વપ્ન યાદ આવી ગયું. સંપૂર્ણ સ્વપ્ન ગવૈયાએ ગીત રૂપે સંભળાવેલું. રાજા ખૂબ ખૂબ ખુશ થઇ ગયો અને સાતમો જન્મ સાંભળવા માટે તત્પર થઇ ગયો. તેઓ ગવૈયાને પોતાનાં રાજભંડાર તરફ લઇ ગયા અને બોલ્યા, ''આ ખજાનામાંથી તારે જે જોઇએ તે તારું, પણ મને જલ્દીથી સાતમો જન્મ

સંભળાવ'' ગવૈયાએ હાથ જોડીને રાજવીને કહ્યું ''હે રાજન! મને તો ફક્ત છ જન્મની જ વાર્તા ખબર છે. સાતમાં જન્મની વાત સાંભળું તે પહેલાં હું સુઇ ગયો હતો. તેથી રાજન! મને ક્ષમા કરો, હું મારું ગીત પૂર્ણ નથી કરી શકતો!''

રાજાએ ગવૈયાને ૧૦,૦૦૦ ની જગ્યાએ ૨૫,૦૦૦ સોનામહોર આપી અને પૂછ્યું. ''હવે તો સાતમો જન્મ કહે.'' ગવૈયાએ રાજવીને શાંતિથી મુનિશ્રીના વિહારની વાત કરી અને કહ્યું મુનિશ્રી ઉત્તર દિશા તરફ વિહાર કરવાના હતાં.

તરત જ રાજાએ પોતાના સિપાહીઓને મુનિશ્રીની શોધ માટે મોકલ્યા અને કહ્યું, મુનિશ્રીનું નામ તો ખબર ન હતી. એટલે તેમને ગોતવા કેમ ? ત્યારે ગવૈયાએ તેમને ખજાનાની બદલે રાત્રી વાસો કર્યાની વાત કરી. તેથી સિપાહીઓએ ઢંઢેરો પિટાવ્યો કે ગવૈયાના ઘરે રાત્રિ વાસો કરી, ગવૈયાને વાર્તા કરી હોય તેવા મુનિશ્રીની અમારા રાજવી આતુરતાથી રાહ જોઇ રહ્યાં છે. આપશ્રીને વિનંતી છે કે રાજ દરબારમાં પધારો.

અને મુનિશ્રીને આ સમાચાર મળતા તેઓ રાજાના બેચેની વધતી જાય છે.'

આટલી વાર્તા કરી ગુરુદેવ ચૂપ થઇ ગયા. અને ફટાફટ ચાલવા લાગ્યા. ગુરુદેવની ચાલવાની સ્પીડ એટલી બધી હતી કે મારે તેમની પાછળ રીતસર દોડવું પડતું. આટલી વાર્તા સાંભળીને જ દિલની ધડક્નો વધવા લાગી હતી. મને જાણે રાજા જેવી બેચેની થવા લાગી. તેમાં ગુરુદેવની પાછળ દોડવાનું અને આગળ રાજાનું શું થયું તે સાંભળવાની તત્પરતાથી જાણે મને હાઈ બ્લડ પ્રેશર થઇ ગયું. ગુરુદેવ તો તેમની પવન-પાવડી જેવી સ્પીડમાં ચાલતા રહ્યાં. માંડ માંડ દોડીને ગુરુદેવની પાસે પહોંચ્યો. 'ગુરુદેવ! આગળ શું થયું જલ્દી કહો. બેચેની વધતી જાય છે.'

ગુરુદેવને મને હેરાન કરવાની બહુ મજા આવતી હોય છે અને મને પણ તે ગમતું હોય છે. કારણ કે બહુ જ થોડા ભક્તો હશે જેમને ગુરુદેવ હેરાન કરતાં હોય એમાંનો હું એક છું. હું ગુરુપ્રસાદી સમજી મસ્તીથી હેરાન થતો. ગુરુદેવ તડપાવો નહીં. પ્લીઝ આગળની વાર્તા કહો.

**મારી ઉંમર ત્યારે ૩૩ વર્ષ હતી પણ હું વાર્તા સાંભળવા ૩ વર્ષના બાળકની જેમ કાલાવાલા કરતો હતો.**

આખરે ગુરુદેવે આગળની વાર્તા કહેવાનું શરૂ કર્યું. મુનિશ્રી રાજાના નગરમાં પ્રવેશ કરે છે તે સાથે જ રાજાનાં હૃદયમાં વંટોળ આવવા લાગ્યો. તેને ચારેબાજુ સુગંધ આવવા લાગી. જાણે રાજાને ખબર પડી જ ગઇ કે હમણાં મુનિશ્રી રાજદરબારમાં પધારશે. રાજાની નજર રાજ દરબારનાં દ્વાર પરથી હટતી નહોતી. પ્રજા વિચારતી એમનાં બાહોશ રાજા એક વાર્તા સાંભળવા આટલાં આતુર! પરંતુ રાજાના દિલના તાર તો કાંઇ અલગ જ સૂર સાંભળવા આતુર હતાં.

ત્યાં તો સૈનિકે રાજવીને સુચના આપી કે કોઇ જૈન મુનિ નગરનાં દ્વાર તરફ પ્રયાણ કરી રહ્યાં છે. ગમે તે ઘડીએ તેઓ પધારશે. હવે તો રાજા સિંહાસન પરથી ઉછળીને નગરના દ્વાર તરફ દોટ લગાવવા લાગ્યા અને મહેલનો ઉંબરો ઓળંગે તે પહેલાં જ મુનિશ્રીને સામે જોઇ રાજા વંદના કરવા લાગ્યા. ક્ષત્રિય રાજવીને જૈન મુમુક્ષુની જેમ વંદના કેવી રીતે આવડી ગઇ? રાજા પોતે અચંબામાં હતાં. રાજાની

આંખોમાંથી દડ-દડ આંસુની ધાર નીકળતી હતી અને રાજા અચાનક જ ઉભા થઇને મુનિશ્રીને ભેટી પડયાં અને મુનિને વળગીને બોલ્યાં, ''કેટલાં વર્ષે મળ્યાં! મને મૂકીને ક્યાં ગયાં હતાં?'' રાજાને તેમના આગલા છ જન્મ સ્વપ્નનાં રૂપમાં આવેલ. તે ગવૈયાએ ગીત સ્વરૂપમાં સ્વપ્નને રજૂ કરેલ. રાજા ખૂબ ખૂબ ખુશ હતાં. તેને તેમનો જન્મજન્મનો ભાઇ મળી ગયો હતો.

રાજા મુનિશ્રીને રાજદરબારમાં લઇ જઇ અને તેમને અનુકુળતાનાં ભાવ પૂછી બિરાજવા માટે આમંત્રણ આપે છે. પરંતુ મુનિ રાજાની આજ્ઞા માંગે છે, કે રાજવી હવે મારે વિહાર કરવો જોઇએ. રાજા હાથ જોડીને વિનંતી કરે છે કે હવે તમારે વિહાર શા માટે કરવો જોઇએ? મારી પાસે બધુ જ છે. રાજપાઠ, ધન-સંપતિ, પ્રજા, સુખ-સાહ્યબી. જે મારું છે તે આપણું જ છે. તો હવે તમે મારી સાથે રાજપાઠ ભોગવો. મુનિશ્રીએ હસીને કહ્યું કે, ''ભાઇ, તું કદાચ તારી રીતે સાચો હોઇશ, પરંતુ હું જૈન સાધુ છું અને મેં સર્વ ભૌતિક સુખોનો ત્યાગ કર્યો છે. મને તેની કોઇ આવશ્યકતા નથી''. રાજા મુનિશ્રીને પોતાના ગયા છ જન્મ યાદ કરાવે છે, કે આપણે તો દરેક

જન્મમાં સાથે જ રહ્યાં છીએ, તો આ જન્મમાં કેમ નહી?

મુનિ કહે છે, ''આપણે તો આ જન્મમાં પણ સાથે રહી શકશું. **તું મારાં પંથે આવીશ?**''

પાછા ગુરુદેવ ફટાફટ ચાલવા લાગ્યા, અંધેરી નજીક આવવા લાગ્યું. ૧૦-૧૫ કિલોમીટરનો રસ્તો ચાલતા ચાલતા. વાર્તા સાંભળતા-સાંભળતા ક્યારે કપાઇ ગયો, ખબર પણ ન પડી. ફરી ગુરુદેવ પાસે દોડયા. ગુરુદેવ અંધેરી નજીક છે. વાર્તા પૂરી કરો. હવે નથી રહેવાતું અને ગુરુદેવ મૌન ભાવે ચાલતા રહ્યાં. ગુરુદેવ પ્લીઝ, વાર્તા પૂરી કરો. હું જાણે વાર્તાનું પાત્ર બની ગયો હતો. **હું મારી જાતને રાજાના રૂપમાં જોવા લાગ્યો અને ગુરુદેવ તો જૈન મુનિ હતાં જ.** જશુભાઇ, જેમણે મને ગુરુદેવના દર્શન કરવાનો પહેલો ફોન કરેલો, તે મને ગવૈયાના સ્વરૂપમાં દેખાવા લાગ્યા.

મારા હાર્ટ-બીટ્સ ખૂબ વધી ગયાં હતાં. સાતમાં જન્મમાં શુ થાય છે તેની વાત સાંભળવા. ગુરુદેવે કહ્યું કે, ''ભાઇ આ તો વાર્તા છે.''

પરંતુ હું જાણવા લાગ્યો હતો કે ગુરુદેવ માર્મિક રીતે કંઇક કહી રહ્યા હતાં. મારા માટે તો વાર્તાના રાજાની સ્થિતિ સરખી થઇ ગઇ હતી, ''ગુરુદેવ પ્લીઝ, એટલું તો કહો કે સાતમો જન્મ રાજા અને મુનિ માટે કેવો રહેશે?'' અને ગુરુદેવ જવાબ આપ્યો, ''મેં છ જન્મ કહ્યાં જે ભૂતકાળ હતો. સાતમો જન્મ વર્તમાનકાળ છે.'' સાતમાં જન્મમાં મુનિની દિશા તો ચોકકસ છે. તેમનો માર્ગ તો કાયમ છે પણ રાજા મુનિની સાથે નીકળી પડશે? કે રાજપાટ ભોગવતો રહેશે? **તે વાર્તા તારે જ પુરી કરવાની રહેશે.**'' અને બસ આ જીવન નું મર્મ સમજાવવા લાગ્યું.

# CRACK THE JACK

એક દિવસ ગુરુદેવ અમારા ઘરે પધારેલા, અમે ખૂબ વિનંતી કરી કે, ''ગુરુદેવ ગૌચરી વાપરીને જ જવાનું છે,''. ગુરુદેવે અમારી વિનંતી સ્વીકારી. એમ તો હું લકી છું. ગુરુદેવ મારી થોડી વાતો માને ખરા! પરંતુ સાથે સાથે તેમનું ઘણું બધું મનાવે પણ ખરા. આપણે તો ગુરુની વાતો માનીને ફાયદામાં જ રહેવાનું.

ગુરુદેવને કૂતરાનો બહુ ડર લાગે. અમારા ઘરે લેબ્રેડોર કૂતરો પાળેલો છે. ગુરુદેવે આવતા પહેલા મને પૂછેલું કે કૂતરો ભસસે તો નહીને? મેં કહ્યું ''ગુરુદેવ તે ખુબ શાંત છે. કદી કોઇને કરડતો નથી. ભસતો નથી અને તમે તો મારા ગુરુ છો! તમને તો કદી નહી ભસે'', જેવા ગુરુદેવ ઘરે પધાર્યા અમે વંદના કરી. જેક અમારા પાળેલા કૂતરાનું નામ છે. મુહપત્તિ સાથેના ગુરુદેવને જોઇ અચાનક જેક ભડક્યો અને ગુરુદેવની સામે ભસવા લાગ્યો અને જાણે હમણાં ગુરુદેવ ઉપર તરાપ મારશે તેમ લાગ્યું. માંડ-માંડ તેને પકડયો અને શાંત કર્યો. સર્વએ

ગુરુદેવની માફી માંગી પછી તો પાછો જેક પણ શાંત થઇ ગયો.

ગુરુદેવે થોડીવાર તેમની વાણીનો અમને લાભ આપ્યો. પછી ગૌચરીનાં સમયે સૌએ ગુરુદેવને આદરથી ગૌચરી વહોરાવી. જેક પણ મારી બાજુમાં બેઠો બેઠો શાંતિથી ગુરુદેવ સામે થોડી થોડીવારે જોઇ લેતો. પરંતુ શાંત હતો. ગુરુદેવ ગૌચરી વાપરવા બીજા રૂમમાં ગયાં. ગુરુદેવને દસેક મિનિટ તો લાગશે. તેમ વિચારી અમે બધા પણ નાસ્તો કરવા બેઠા અને જેકને ભૂલી ગયા. હવે શું થાય?

જેકને એ રીતે ટ્રેઇન કરવામાં આવેલો કે કોઇપણ મહેમાન કે બહારની નવી વ્યક્તિ ઘરમાં આવે તો ડ્રોઇંગ રૂમ સિવાય બીજા કોઇ પણ રૂમમાં જવા ન દે. અહીં તો ગુરુદેવ એકલા અમારા રૂમમાં ગયા અને ગોચરી કરવાં બેઠા હતાં. પહેલાં જેક ભસવા લાગેલો ત્યારે મેં તેના ઉપર ગુસ્સો કરીને તેને શાંત કરેલો. તે તેને યાદ હશે તેથી તે ચુપચાપ વગર ભસે ગુરુદેવ બિરાજમાન હતાં તે રૂમમાં ઘુસી ગયો અને ગુરુદેવની સામે બેસી ગયો, **આવો ડેન્જર કૂતરો અને ગુરુદેવ એકલા.** ગુરુદેવને

થોડો પરસેવો થઇ ગયો પણ ગુરુદેવે ક્યાંક વાંચેલું કે પ્રાણીઓને તમારા વાઇબ્રેશન્સ ખબર પડતાં હોય છે અને તે વાઇબ્રેશન્સનાં કારણે એક પ્રકારની ભયની વાસ તેમને આવે એટલે ગુરુદેવ શાંત રહ્યા. તેમનાં પાત્રામાંથી તેમણે જેકને બે-ચાર ટૂકડાં ભાખરીનાં આપ્યા, જેકને તો મજા પડી ગઇ ગુરુદેવના પાત્રામાંથી વાપરવા મળ્યું! તે તો ગુરુદેવની બરોબર સામે બેસી ગયો.

ગુરુદેવ મને બૂમ મારવાની કોશિશ કરવાના હતા પછી વિચાર્યું કે જો બૂમ મારશે તો જેક ભડકશે અને ત્યારે રૂમમાં તેઓ ફક્ત બે જ જણ! એટલે ગુરુદેવ મારી રાહ જોતાં. ટેન્શનમાં બેઠાં રહ્યાં. થોડીવાર પછી અચાનક મારું ધ્યાન ગયું, અરે! જેક ક્યાં છે? જેકને બીજા રૂમમાં ગોત્યો પણ તે ન હતો. તે ગુરુદેવની સામે બેઠો હશે એવો તો વિચાર જ ના આવ્યો. પછી થયું કદાચ ડ્રાઇવર જેકને નીચે ગાર્ડનમાં લઇ ગયો હશે. બીજી બે-ચાર મિનિંટ પસાર થઇ. થોડીવારે ગુરુદેવને રૂમની બહારથી પૂછ્યું, ''ગુરુદેવ કાંઇ ખપ છે?'' ગુરુદેવના જીવમાં જીવ આવ્યો તરત મને અવાજ કર્યો, ''પરાગ ! અંદર આવ'' હું રૂમમાં ગયો અને જેકને ગુરુદેવની

સામે જોયો ગુરુદેવની સ્થિતિ જોઇ તરત જ તેને રૂમમાંથી બહાર કાઢયો ને ગુરુદેવની માફી માંગી.

ગુરુ પાસે દરેક પળમાં કંઇક શીખવાનું હોય. તેમની દરેક પ્રવૃતિમાંથી કાંઇ શીખવા મળે તે આ અનુભવ પરથી સાબિત થયું.

મારા ઘરે વર્ષોથી પાળેલા કૂતરો હોવા છતાં મને ખબર નહોતી કે તે બહારની વ્યકિત અને ખાસ કરીને ડરતી વ્યકિતને જ શા માટે ભસતો. તેની જેમ બીજા પ્રાણીઓને પણ આવી શકિત હોય તેનો અહેસાસ થયો. ગુરુદેવના અનુભવ ઉપરથી તેમણે શીખવ્યું કે તે સમયે શાંત રહેવાથી સામે વાળો જીવ કદી આપણને હેરાન કે નુકસાન નથી પહોંચાડતો.

મારો જેક ચાર વર્ષ પછી નાની બિમારીથી ગુજરી ગયો. હું ચોકકસ પણે માનું છું, **જે જીવને ગુરુદેવ સાથે, ગુરુદેવના પાત્રામાંથી, ગુરુદેવના હાથે વાપરવા મળ્યું હતું તે દેવગતિને જ પ્રાપ્ત કરી ગયો હશે.**

# ITS NOT MAGIC YET MIRACULOUS

એક દિવસ ફરી મારા ભાગ્યનો ઉદય થયો હતો. ૨૦૦૭ નું વર્ષ ગુરુદેવનું ચાર્તુમાસ પારસધામમાં હતું. વરસાદ બીલકુલ ન હતો. એટલે ગુરુદેવને વિનંતી કરી કે તેઓ મારાં ઘરે પધારે. ગુરુદેવ ત્યારે અમારાં ઘરથી થોડાં દૂર, બીજા ગુરુભકતનાં ઘરે હતાં. ત્યાંથી મારા ઘરે પધારતી વખતે રસ્તામાં મેં કહ્યું ગુરુદેવ ૩-૪ કલાકની સ્થિરતા કરજો. ગુરુદેવે કહ્યું : ‘મને લાગે છે વરસાદ આવશે. મારે તરત નીકળી જવું પડશે’ ત્યારે તો તડકો હતો. મેં કાંઇ કહ્યું નહી અને મૌન ભાવે વિચાર્યુ કે આકાશ સાફ છે અને ગુરુદેવ વરસાદની વાત કરે છે !

ગુરુદેવ અમારાં ઘરે પધાર્યા. પંદર મીનીટમાં તેઓ ઉભા થયા કે મારે નીકળવું પડશે. વરસાદ શરૂ થઇ જવાનો છે. મેં આકાશ સામે જોયું બપોરનો તડકો હતો. મને એમ કે ગુરુદેવને થોડું રોકું એટલે મેં તેમને જબરજસ્તી દસ મીનીટ માટે વધુ રોક્યાં : ‘ગુરુદેવ ! તડકો છે. શું ઉતાવળ છે?’

ગુરુદેવે કહ્યું : **'પાંચ મીનીટની વાર છે.** પહોંચી જવાશે' મને નવાઇ લાગી. આકાશ સાફ છે. તકડો છે અને ગુરુદેવ વરસાદની વાતો કેમ કરે છે ? તો પણ મેં તેમનું ન માન્યું અને પરાણે રોક્યા.

પાંચ મીનીટ થઇ અને તડકો ગયો. આકાશ ઘેરાઇ ગયું અને ધોધમાર વરસાદ શરૂ થયો. ગુરુદેવે સાંકેતીક રીતે મારી સામે જોયું. 'તે મારી વાત ન માની !!! પણ ગુરુદેવને ખબર ન હતી. કે હું પણ મનમાં પ્રાર્થના જ કરતો હતો કે ખૂબ વરસાદ આવે, એટલે ગુરુદેવ તરત વિહાર ન કરી શકે અને અમને તેમનો વધુ લાભ મળે ! મેં ખુશ થઇને ગુરુદેવને કહ્યું : સારું ! હવે અહીંજ રોકાવું પડશે. ગુરુદેવે કહ્યું : 'હમણા વરસાદ બંધ થશે', અને તેઓ પોતાના પાત્રા, રજોહરણ લઇને વિહાર કરવા તૈયાર થયા. મેં કહ્યું : 'ગુરુદેવ ! આટલાં વરસાદમાં વિહાર કરશો !' ગુરુદેવ બોલ્યા : **'પાંચ મીનીટ માટે વરસાદને બંધ થવું પડશે** નહીતર રાત સુધી બંધ જ નહી થાય' અને તેઓ ફટાફટ પગથિયા ઉતર્યાં. હું તેમની પાછળ દોડયો. વરસાદ ખુબ જોરથી આવતો હતો. અમે ૧૩માં માળેથી ગ્રાઉન્ડ ફ્લોર પહોંચ્યા અને ગુરુદેવે તેમનો જમણો હાથ આકાશ તરફ

ઉંચો કર્યો અને બોલ્યા : ‘‘જલ્દી નીકળી જઇએ ! પાંચ મીનીટમાં પહોંચવું પડશે’’ અને હું જોતો જ રહી ગયો. વરસાદ બે સેંકડમાં બંધ થઇ ગયો અને અમે ફટાફટ ચાલતાં નીકળ્યા, સાડા ચાર મીનીટ થઇ અને અમે ગુરુભકતના ઘરે જયાં ગુરુદેવ ઉતર્યાં હતા ત્યાં પહોંચી ગયા. ગુરુદેવ બોલ્યા : ‘૨૦ સેંકડમાં વરસાદ શરૂ થશે તે ચાર- પાંચ કલાકે બંધ થશે અને ખરેખર ૨૦મી સેંકડે વરસાદ જાણે ગુરુદેવની આજ્ઞાની રાહ જોતો હોય તેમ શરૂ થયો અને રાત સુધી મન મૂકીને વરસ્યો.

આ ઘટના મારી નજર સામે બની એટલે હું માની શક્યો નહીતર તો કદાચ આ વિજ્ઞાનના સમયમાં આ વાત આપણે માની શકીએ ખરા ?

# UNDER YOUR GRACE

એક દિવસ માનસી ગુરુદેવ પાસે મારાં દિકરાં વત્સલને લઇ પહેલીવાર દર્શન કરાવવાં લઇ ગઇ હતી. ગુરુદેવ સાથેના અમારાં સંપર્ક પછી દસ-પંદર દિવસ થયા હશે. વત્સલ ત્યારે છ વર્ષનો હતો. તે સમયે તે જયારે બિમાર હોય કે થાકેલો હોય તો તેની એક આંખ થોડી ત્રાસી લાગતી હતી. ફરી પાછો તંદુરસ્ત હોય ત્યારે નોર્મલ લાગે. ગુરુદેવે તેને પહેલીવાર જોયો અને તેની સામે જ જોતાં રહ્યાં અને માનસીને કહ્યું કે આની આંખમાં તકલીફ લાગે છે કોઇ સારાં આઇ સ્પેશિયાલીસ્ટને દેખાડો. અમે પહેલાં ડૉક્ટરને બતાવેલું અને તેમનાં મત પ્રમાણે જેમ તેની ઉંમર વધશે, તેમ આંખો નોર્મલ થઇ જશે... તેમ કહેલું. ગુરુદેવને જવાબથી સંતોષ ન થયો. તેમણે કહ્યું કે હું સમજીને કહું છું. **વધુ સમય ન બગાડતા કોઇ સ્પેશ્યિાલીસ્ટ ડૉક્ટરને બતાવો.**

મેં તરત ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લીધી અને વત્સલને ડૉક્ટર પાસે લઇ ગયાં. તેની આંખો તપાસીને ડૉક્ટર મારાં ઉપર ગુસ્સે થઇ ગયાં 'તમે

ભણેલાં સુખી સંપન્ન પરિવારનાં હોવા છતાં માતા-પિતાની ફરજ ભુલી, બાળક માટે સમય નથી કાઢી શક્તાં ? આનું ઓપરેશન તો ૪-૫ વર્ષ પહેલાં કરવાનું હતું. તમે ખુબ સમય લગાવ્યો છે. હવે કદાચ તેનું ઓપરેશન ડિફીકલ્ટ થાય કે ૧૦૦ ટકા રિઝલ્ટ ન પણ મળે. તમારે તેનું ઓપરેશન તાત્કાલિક કરાવવું પડશે.' અમે તરત જ ડિસીઝન લીધું અને ત્રણ દિવસ પછીની તારીખ નક્કી થઇ. બીજા દિવસે ગુરુદેવને જણાવ્યું કે બે દિવસ પછીની ઓપરેશનની તારીખ છે. ગુરુદેવે ના કહી અને દસ દિવસ પછીની તારીખ આપી... તે પ્રમાણે ઓપરેશન નક્કી કરવામાં આવ્યું. ઓપરેશનના આગલા દિવસે સાંજે હું ગુરુદેવ પાસે વસઇ માણેકપૂર ઉપાશ્રયમાં બેઠો હતો.

મને ખુબ ટેન્શન થઇ રહ્યું હતું. વત્સલની આંખનું ઓપરેશન જો બરોબર ન થાય તો આંખનું વિઝન જઇ શકે તેમ હતું. મને ટેન્શનમાં જોઇને ગુરુદેવ સમજી ગયા. મને કહ્યું : 'વત્સલનું ઓપરેશન કોણે નક્કી કરાવ્યું ? મેં તો તેની જવાબદારી પણ મારાં ઉપર છોડી દે. કોઇ જ ટેન્શન નથી લેવાનું ! બધુ બરાબર થઇ જશે.' મેં કહ્યું : 'ગુરુદેવ ! વત્સલ છ વર્ષનો છે. ઓપરેશન

હોવાથી તેના ખાવા, પીવાની ૨૪ કલાકની મનાઇ છે. પાણી વગર બિચારો કેમ રહેશે ?' ગુરુદેવે કહ્યું : ''બસ એટલું જ ? ચાલ વત્સલ આરામથી રહેશે. પાણી, ખાવાનું કાંઇ નહી માંગે. તે મારી જવાબદારી !'' અને ખરેખર વત્સલે બીજા દિવસ સુધી ના ખાવાનું, ના પાણી માગ્યું. તેને ખબર હતી કે તેનું ઓપરેશન છે. છતાં જાણે પીકનીક ઉપર જતાં હોઇએ તેમ ખુશ હતો. અને મને કહેતો : 'ડેડી, આજથી મારી આંખ સારી થઇ જશે' દસ વાગે સવારનાં ઓપરેશન હતું. અમે ૮.૦૦ વાગે હોસ્પિટલમાં એડમીશન લઇ લીધું. નર્સ આવી અને કહી ગઇ, ડૉક્ટર ૯.૪૫એ આવશે અને ૧૦.૦૦ વાગે ઓપરેશન શરૂ કરી દેશે. ૨૦-૨૫ મીનીટનું ઓપરેશન છે.

નવ વાગે ગુરુદેવનો મેસેજ આવ્યો. તેઓ વસઇ ઉપાશ્રયમાં હતાં અને હોસ્પિટલ હતી મુંબઇની ચોપાટીમાં... ગુરુદેવ બોલ્યા, **''પરાગ, હોસ્પિટલ તો સરસ છે. ઓપરેશન થિયેટર પણ સારું છે.''** મને સમજાયું નહી કે ગુરુદેવ મને પૂછી રહ્યાં છે કે કહી રહ્યાં છે. હું મૌન રહ્યો. ગુરુદેવ કહ્યું :
'ઓપરેશન ૧૧.૧૫એ શરૂ થશે અને ૧૨.૩૦ વાગે

પુરુ થશે'. હું હવે ગુંચવાયો. મારો ગુરુદેવ સાથેનો તેમના જ્ઞાન વિષે હજી બીજો કે ત્રીજો અનુભવ હતો. તેથી મેં ગુરુદેવને કહ્યું કે, 'ગુરુદેવ ! હમણાં જ નર્સ કહી ગઇ કે ૧૦.૦૦ વાગે ઓપરેશન શરૂ થશે અને ૨૦-૨૫ મીનીટમાં પુરુ થશે' ગુરુદેવ ચુપ રહ્યાં અને પછી બોલ્યાં : ૧૧.૦૦ વાગ્યા પછી જ ઓપરેશન શરૂ થશે. તે સમય બરાબર છે. મેં નર્સને પુછ્યું કે ઓપરેશન ૧૧.૦૦ વાગે શરૂ કરીએ તો ડૉક્ટરને ફાવશે ? તરત જ નર્સએ ડૉક્ટરને પુછ્યા વગર જ ના પાડી દીધી અને કહ્યું 'તમારું ઓપરેશન ફર્સ્ટ છે. પછી આજે બીજા બે ઓપરેશન છે'.

૯.૪૫ વાગ્યા, ડૉક્ટર ન આવ્યા. ૧૦.૦૦ વાગે ડૉક્ટરનો ફોન આવ્યો, કે તેમનાં ઘરે અચાનક મહેમાન આવી ગયા છે. તેથી તે ૧૧.૦૦ વાગે આવશે અને ૧૧.૧૫ એ ઓપરેશન શરૂ થશે. હું ખુશ થયો. ગુરુદેવને મેસેજ આપ્યો અને મને તેમનો જવાબ મળ્યો, 'મને ખ્યાલ છે.' ફરી બોલ્યાં: ઓપરેશન ૧૨.૩૦ વાગ્યા સુધી ચાલશે. તું ટેન્શન ન લેતો.' ડૉક્ટર આવ્યા અને વત્સલને ૧૧.૧૦ એ ઓપરેશન થિયેટરમાં લઇ ગયાં. તે તો ફર્સ્ટકલાસ મૂડમાં હતો. ફક્ત છેલ્લે બોલ્યો : 'ડેડી મને સારું

થઇ જશે ને ?' મેં કહ્યું, 'બેટા, ગુરુદેવ તારુ ધ્યાન રાખશે.' ડૉક્ટરએ કહ્યું ૧૫ થી ૨૦ મીનીટમાં ઓપરેશન થઇ જશે. અને ઓપરેશન થિયેટરનો દરવાજો બંધ થયો.

મેં ગુરુદેવને ખબર આપ્યા. ફરી ગુરુદેવે કહ્યું : 'તું ટેન્શન ન લેતો. **હું ત્યાં જ છું.** ડૉક્ટર ભલે કહે ૧૫-૨૦ મીનીટ, પણ સમય વધારે લાગશે. બીજી આંખનું પણ ઓપરેશન કરવું પડશે. બધું મારાં કંટ્રોલમાં છે. તમે ફક્ત ભગવાનનું નામ લો.' અમે ઘરનાં સર્વે ઉવસગ્ગહરંના જાપ કરવા લાગ્યા. ૧૨.૦૦ વાગે ગુરુદેવનો મેસેજ આવ્યો : 'એક આંખનું ઓપરેશન સરસ થઇ ગયું છે. હવે બીઢજી આંખનું ઓપરેશન ચાલે છે.' અમારાં માટે જાણે બધું જાદુ જ થઇ રહ્યું હતું. ૧૨.૨૦ એ ગુરુદેવનો મને ફરી મેસેજ આવ્યો અને બોલ્યાં : 'બંને આંખનું ઓપરેશન સરસ થઇ ગયું છે. ડ્રેસીંગ ચાલે છે. ૧૦-૧૫ મીનીટ લાગશે.' હજી તો ગુરુદેવ સાથે વાત ચાલુ છે ત્યાં જ નર્સ ઓપરેશન થિયેટરમાંથી બહાર આવી અને કહ્યું, 'ઓપરેશન ઠીક સે હો ગયા હૈ, અભી ડ્રેસીંગ ચલ રહા હૈ' અને મારાં મુખમાંથી શબ્દો સરી પડયા... 'માલુમ હૈ.' નર્સ બિચારી મારી સામે

અચરજથી જોવા લાગી.

ગુરુદેવનો અમે ખુબ ખુબ આભાર માન્યો. થોડીવાર પછી વત્સલને બહાર લાવ્યાં. તે તો બેભાન હતો. ડૉક્ટર આવ્યાં અને બોલ્યાં : 'પરાગભાઇ હું મારા પોતાનાં વખાણ કરવા નથી માંગતો, પણ સાચું કહું તો મારા હાથે આટલું સરસ ઓપરેશન પહેલાં ક્યારેય નહી થયું હોય, **જાણે મારાં હાથોમાં કોઇ દૈવી શક્તિ આવી ગઇ હોય તેવું લાગતું હતું.** કાલે પટ્ટી ખોલશું પછી તેની રિકવરી ઉપરથી ડિસ્ચાર્જનું નક્કી કરશું. કદાચ કાલે મોડી સાંજે, નહી તાં પરમ દિવસે મોડી સાંજે ડિસ્ચાર્જ આપશું...'

૧.૩૦ વાગે ગુરુદેવ સાથે ફરી વાત કરી. ડૉક્ટરે કહ્યું તેના રિપોર્ટ ગુરુદેવને આપ્યાં. ગુરુદેવને કહ્યું કે પરમ દિવસે સાંજે કદાચ તમારાં દર્શન કરવા આવીશ. બે દિવસ હૉસ્પીટલમાં રહેવું પડશે. ગુરુદેવે કહ્યું : 'દર્શન કરવા ભલે બે દિવસ પછી આવજે પણ હૉસ્પીટલમાં રહેવાની જરૂર નથી, **સાંજે રજા મળી જશે.**' હું ગુરુદેવને સમજાવવા ગયો કે પટ્ટી હજી કાલે સાંજે ખોલશે તો રજા ક્યાંથી

મળશે ? ગુરુદેવ બોલ્યાં : 'તને હજી વિશ્વાસ નથી આવ્યો ? સવારથી હું કહું છું તેમ થાય છે કે ડૉક્ટર કહે છે તેમ ? છતાં આપણે સાંજે ફરી વાત કરશું.'

ચાર વાગે વત્સલ ભાનમાં આવ્યો. તેની બન્ને આંખો ઉપર પટ્ટી હતી. છતાં આટલો નાનો છોકરો એકદમ શાંત હતો. તેણે રડયાં વગર પુછ્યું, 'મારી આંખની પટ્ટી ક્યારે ખોલશે ?' મેં ડરતાં ડરતાં તેને કહ્યું, 'બેટા, એકાદ બે દિવસ પટ્ટી રહેશે. ગુરુદેવની કૃપા હશે તો જલ્દી પટ્ટી ખુલશે.' થોડી વાર થઇ અને તેણે કહ્યું : 'મને ભુખ લાગી છે. મને કાંઇ ખાવાનું આપો.' અમે ડૉક્ટરને પુછાવ્યું તો ડૉક્ટર કહે આઇસક્રિમ મંગાવીને આપો. પરંતુ તે ખાઇ નહી શકે. એકાદ ચમચી આપો. તે ફક્ત માંગશે પણ ખાશે નહી. હું નીચે આઇસક્રિમ લેવાં ગયો. ત્યાં ગુરુદેવનો મેસેજ આવ્યો. મેં કહ્યું વત્સલ માટે આઇસક્રિમ લેવાં આવ્યો છું. તેમણે કહ્યું થોડોક વધારે લઇ જજે. વત્સલ તો ફટાફટ ખાઇ જશે. મેં બે કપ લીધાં. વત્સલને બે ચમચી આઇસક્રિમ આપ્યો તે તો ખાઇ ગયો. 'હજી આપો ડેડી ભુખ લાગી છે.' ડૉક્ટરને પુછ્યું કે અત્યારે વધારે

આઇસક્રિમ આપી શકાય ? ડૉક્ટરને આશ્ચર્ય થયું, તેમણે હા કહી અને બોલ્યા, તેને જે ખાવું હોય તે ખાઇ શકે છે. વત્સલ બે આઇસક્રિમ ખાઇ ગયો. એક વાટકો સેવમમરાં આપ્યાં તે પણ તેણે ખાધા અને સૂઇ ગયો.

કલાક પછી ગુરુદેવનો મેસેજ આવ્યો અને કહ્યું, 'ડિસ્ચાર્જની તૈયારી કરવા લાગો.' ત્યાં જ થોડીવારે ડૉક્ટર આવ્યાં. વત્સલને જોઇને બોલ્યા : 'ખરેખર જાદું લાગે છે. કોઇ પણ બાળકને ઓપરેશન પછી આટલી સારી સાતા નથી જોઇ.' ત્યાં વત્સલ બોલ્યો. 'ડૉક્ટર, મારી આંખો ઉપરથી પટ્ટી કાઢી નાખો ને ! મને કાંઇ નથી દેખાતું તો ડર લાગે છે.' ડૉક્ટરે કહ્યું : 'બેટા ! તે તો મારાં મનની વાત કહી. હું તો વિચારતો જ હતો કે તારી આંખ ઉપરથી પટ્ટી કાઢી નાખું.' અને ડૉક્ટરે તેની આંખ ઉપરથી પટ્ટી કાઢી. તેની આંખનું નિરિક્ષણ કરીને એટલા ખુશ હતાં કે તેમનાં પોતાના હાથ સામે જોવા લાગ્યા. થોડીવાર પછી ડૉક્ટર પાછાં આવ્યા કહે : 'પરાગભાઇ, મારાં માટે આ પહેલો અનુભવ રહેશે, કે હું કોઇ બાળકની બન્ને આંખો ઉપરથી પટ્ટી સેમ ડે કાઢું છું.' તેમનાં મોઢાં ઉપર અલગ

જ સંતોષ દેખાતો હતો. તેમણે બીજી આંખ પણ ખોલી નાખી. બન્ને આંખોમાં ઓપરેશન એકદમ સરસ થઇ ગયું હતું. ડૉક્ટર બોલ્યાં : 'પરાગભાઇ, વત્સલને હૉસ્પીટલમાં રહેવાની જરૂર નથી **તમે આજે જ ડિસ્ચાર્જ લઇ શકો છો.**'

અમે સર્વે એ ગુરુદેવની અપરંપાર શક્તિઓથી અભિભૂત થઇ ગયા.

# SURRENDER TO SAFETY

ઘરે પહોંચતા રાતના ૯.૩૦ થઇ ગયા. ગુરુદેવે જે રીતે આખો દિવસ વત્સલ ઉપર ગુરુકૃપા વરસાવી હતી તે કારણે ખુબજ થાકેલો હોવા છતાં પણ ગુરુદેવનાં દર્શન કરવા જવાનું સખત મન થઇ રહ્યું હતું. મેં ઘાટકોપરથી વસઇ તેમના દર્શન કરવા આવવા આજ્ઞા લેવા માટે મેસેજ કર્યો. તેમણે તરત મને ના કહેવડાવી અને બોલ્યા આજે શાંતીથી ઘરે સુઇ જા **કાલે આવજે**, પણ હું એટલો ઉત્સાહિત હતો કે મેં ગુરુદેવને કહ્યું હું ત્યાં ફક્ત દસ મીનીટ જ રોકાઇશ... પણ મને ના નહી કહો. ગુરુદેવે કહ્યું, અત્યારે ૧૦ વાગ્યા છે, વસઇ આવતાં તને ૧૧.૩૦ વાગશે. અહીંથી જો તું ૧૧.૪૫ એ પાછો જાય તો મોડી રાત થઇ જશે. પરંતુ હું ન માન્યો. છેવટે ગુરુદેવે કહ્યું કે, 'હું ખુબ જ થાકી ગયો છું તું આવીશ, ત્યારે હું સૂઇ ગયો હોઇશ... એટલે હું તને આવવાની ના પાડું છું' મેં કહ્યું, 'હું તમને ઉઠાડીશ પણ નહી; ફક્ત દર્શન કરીને નીકળી જઇશ', ગુરુદેવ મને ફરી ફરીને ના પાડી પણ, ખબર નહી હું ગુરુદેવની આજ્ઞા માન્યો નહી. હું ઘરેથી નીકળતો હતો

ત્યારે મારાં બનેવી મનીષભાઇ બોલ્યા : 'ચાલ ! હું પણ સાથે આવું છું'.

મનીષભાઇ ગુરુદેવ પાસે બહુ ઓછા આવતા... અને તેમાં પણ મારી સાથે આખો દિવસ હોસ્પિટલમાં હોવાથી થાકેલાં હતાં. મારી સાથે ગુરુદેવનાં દર્શન કરવા તેમની જાતે તૈયાર થયાં તો મને આશ્ચર્ય થયું. જય પણ ત્યાં જ હતો; તે હંમેશા મારી સાથે દરેક જગ્યાએ ફરતો એટલે મેં તેની ઇચ્છા ના હોવા છતાં પણ પરાણે સાથે લીધો.

અમે ત્રણે રાત્રે ૧૧.૩૦ વાગે વસઇ ઉપાશ્રય પહોંચ્યા તો ગુરુદેવ બેઠાં હતાં. અમને જોઇને બોલ્યાં; ના પાડી તો પણ આવ્યા ? મેં કહ્યું, ગુરુદેવ ! તમે સુઇ ગયા હોત તો સારું થાત'. ગુરુદેવ બોલ્યાં : **ટેન્શનમાં ઉંઘ આવે ખરી** ?' અમે કાંઇ સમજયાં નહી. સમજવાની કદાચ કોશીશ પણ ન હોતી કરી. થોડીવાર ગુરુદેવ પાસે બેઠાં. આખા દિવસની વાત પાછી કરી, તેમનો આભાર માન્યો, અને ૧૨.૦૦ વાગે ગુરુદેવની આજ્ઞા લઇને નીકળ્યાં.

ગુરુદેવ બહાર સુધી આવ્યાં. અમને નવાઇ લાગી રહી હતી; પણ બધાં મૌન રહ્યાં. તે સમયે મારી પાસે સોનાટા કાર હતી. ગુરુદેવે પુછ્યું : ‘ગાડી કોણ ચલાવવાનું છે ?’ મેં કહ્યું, ‘હું ચલાવીશ ગુરુદેવ. આજે ડ્રાઇવર નથી.’ ગુરુદેવે ફરી પુછ્યું આટલે દુર સુધી આટલી મોટી ગાડી ચલાવીશ ? મેં કહ્યું, ‘ગુરુદેવ ગાડી મોટી છે; પણ ઓટોમેટીક ગેર વાળી છે ગુરુદેવ માર્મિક રીતે હસ્યાં અને અમને જવાની આજ્ઞા આપી. રસ્તાં એક બીજા સાથે વાત કરી રહ્યાં હતા કે ગુરુદેવ આજે કંઇક અલગ બિહેવ કરતાં હતાં. થોડીવારમાં જય અને મનીષભાઇ બંનેને ઉંઘ આવી ગઇ... બંને આરામથી સુઇ ગયાં અને હું ગાડી ચાલવતો રહ્યો. પંદર મીનીટ પછી મને પણ ઉંઘ આવવા લાગી; એટલે તરત હોટેલ પાસે ગાડી ઉભી રાખી. જય અને મનીષભાઇ બંને એ ચા પીવાની ના પાડી.. મેં ચા પીધી. મોઢું ધોવું હતું પણ વોસબેસીન બહુ દુર હતું. કંટાળો આવ્યો અને ફરી ડ્રાઇવિંગ સીટ ઉપર બેઠો. જય અને મનીષભાઇ બંનેને ગાડીમાં સૂતાં મેં પહેલીવાર જોયા, તેઓને કદી ગાડીમાં ઉંઘ ન આવે. કદાચ બહુ થાકી ગયા હતા એટલે...

ફરી ગાડી ચલાવતાં મને સખત ઉંઘ આવવા લાગી; પછી તો આખા રસ્તામાં છ વાર જોકાં આવી ગયાં, દર વખતે ગાડી ડીવાઇડર પર ચડતાં કે ઝાડને અથડાતા કે આગલી ગાડીને ટકરાતા બચી ગઇ. માંડ-માંડ ઘાટકોપર સુધી ગાડી પહોંચી... મારા બંને સાથીદારો તો મસ્તીથી ઉંઘતા હતાં. અમે મારાં ઘરની નજીક પહોચ્યાં અચાનક મને મનીષભાઇની બૂમ સંભળાણી અને મારો પગ બ્રેક ઉપર ક્યારે પડયો ખબર જ ન પડી. આંખ ખુલી અને જોયું તો... એકાદ ફુટ આગળ ટ્રક હતી અને મારી ગાડી ટ્રક સાથે ટકરાતાં જરાક માટે બચી ગઇ. હું બોલ્યો આજે માંડ માંડ બચી ગયાં છીએ. સાતમી વાર મને જોકું આવી ગયું... બંને તરત બોલ્યા, અરે તો અમને ઉઠાડવા જોઇએ ને... ત્યારે મને વિચાર આવ્યો કે આ બંનેને ઉઠાડવા જોઇએ તેવો ખ્યાલ મને કેમ નહીં આવ્યો હોય ? ૮ બિલ્ડીંગમાં પહોંચ્યા ત્યારે ઘડીયાળ જોઇ બરોબર ૧.૪૦ થયાં હતાં. ત્રણે ચુપચાપ પોતાના ઘરે જઇને સુઇ ગયાં.

વહેલી સવારે પાંચ વાગ્યા હશે અને ગુરુદેવનો મેસેજ આવ્યો. મેં તેમનો અવાજ સાંભળ્યો;

'કેમ ભાઇ ! હજી સુતો છે ?' મેં કહ્યું, 'ગુરુદેવ ! હજી તો પાંચ વાગ્યા છે રાત્રે બહુ મોડું થયું' ત્યાં ગુરુદેવ બોલ્યાં, ૧.૪૦ એ પહોચ્યાં હતા ને ! મને થયું ગુરુદેવે અંદાજ લગાવ્યો હશે. ''ગુરુદેવ કાલે રાત્રે...' હજી તો એટલું બોલું ત્યાં ગુરુદેવ બોલ્યાં... કાલે રાત્રે તારી ગાડી સાત વાર અકસ્માત થતાં રહી ગયો. તેમણે મને બધાં જ ઠેકાણા પણ કહ્યાં અને બોલ્યાં તને સાતવાર જોંકા નહોતા આવ્યા, **તું માત્ર સાત વાર જ ઉઠયો હતો; બાકી તો આખે રસ્તે તું પણ સૂતો જ હતો...**

હવે મારી ઉંઘ ઉડી ગઇ ! રાત્રીની ઘટનાઓ વિચારવાની કોશીશ કરી અને ખરેખર યાદ આવ્યું કે મને તો આખાં રસ્તામાં ગાડી કેમ ચલાવી હતી તે ખબર જ નહોતી. ગુરુદેવે પછી વિગતવાર સમજાવ્યું...

તેમણે કહ્યું તમારે ત્રણેય જણા માથે ઘાત હતી; એટલે તમે ત્રણે સાથે મારી વારંવાર ના કહેવા છતાં, દર્શન કરવા આવ્યાં. મેં કહ્યું, 'ગુરુદેવં! તમને જો ખ્યાલ હતો તો મારા મગજમાં વિચાર પણ નાખ્યો હોત તો હું મનીષભાઇને ગાડી આપી

દેત ને ! અને તેમણે કહ્યું, 'મારી આપેલી માળા ફક્ત તારા ખીસામાં હતી એટલે હું તને કંટ્રોલ કરી શકતો હતો. જો ગાડી મનીષભાઇને આપી હોત તો હું તમને બચાવી ન શકત.

ગુરુદેવની અનેક અનેક કૃપાઓ મારી ઉપર વરસી છે. તેમાનો આ અનુભવ જયારે જયારે યાદ આવે ત્યારે રૂવાંડાં ઉભા થઇ જાય છે. તે દિવસથી બોધ લીધો કે ગુરુદેવ જયારે જયારે કાંઇપણ કહે તો તેને અર્થ સમજવાની કોશીશ કરવી. અર્થ ન સમજાય તો પણ તરત તેમની વાતને આજ્ઞા સમજી માની લેવી. આર્ગ્યુમેન્ટ તો ન જ કરવી.

ગુરુ પોતાનાં શિષ્યો માટે, ભક્તો માટે કેટકેટલી મહેનત કરતાં હોય, તેમની કૃપાદષ્ટિ વરસાવતાં હોય છતાં આપણને અંદાજ પણ ન આવવા દે અને જો આપણે શિષ્યો કે ભક્તો ગુરુદેવ માટે નાનામાં નાનું કામ કરીએ તો પણ બીજાને અને ગુરુદેવને અહેસાસ કરાવવાનું ચૂંકતાં નથી. આજ ફરક હોય છે ગુરુ અને શિષ્ય ના દિવ્ય સંબંધોમાં.

# ADDICTED OR DEDICATED?

ગુરુદેવને મળ્યો, તે સમયે મને સીગરેટનું વ્યસન હતું, વર્ષોથી સીગરેટની આદત લાગી હતી... ઘણીવાર છોડવાની કોશિશ કરી હતી, પરંતુ તે છૂટતી ન હતી; શરૂઆતમાં હું માનતો કે ગુરુદેવને મારી આ આદત વિશે ખબર નથી એટલે ગુરુદેવે મારા સીગરેટના વ્યસન બાબતે ક્યારેય પૂછ્યું ન હતું. થોડા દિવસ પછી મને જ વિચાર આવ્યો કે શું ગુરુદેવને ખબર હશે કે નહીં ? હું તેમની સાથે વિહારમાં જતો ત્યારે ગુરુદેવ જો કોઇને ત્યાં પગલાં કરવા ગયા હોય, હું એટલી જ વારમાં સીગરેટ પી લેતો. એકવાર મે જાણી જોઇને ગુરુદેવ આવ્યા ત્યાં સુધી સીગરેટ નહોતી બુઝાવી, કારણ કે મારા મનમાં એક ભાર રહેવા લાગ્યો હતો કે ગુરુદેવને મે મારી લત વિશે કદી કહ્યું નહોતું. કદાચ મારામાં તેમને કહેવાની હિંમત ન હતી. મને ખાતરી હતી કે ગુરુદેવે તે દિવસે મને સીગરેટ સાથે જોયો હશે, પરંતુ તેઓ કાંઇ જ બોલ્યા નહીં અને હું વધારે ગુંચવાયો...

સીગરેટ છોડવાનું ઘણીવાર વિચારતો પણ ગુરુદેવ કહેશે, એની રાહ જોતો હતો. એક દિવસ માનસીએ મારી હાજરીમાં ગુરુદેવને કહ્યું કે, ''પરાગ સીગરેટ પીએ છે, તમને ખબર છે ? તમે પ્લીસ તેને સીગરેટની બાધા આપી દો ને !'' ગુરુદેવે કહ્યું કે, ''જેણે સીગરેટ છોડવી જ હોય તેને બાધાની જરૂર નથી હોતી અને જેને ન છોડવી હોય તેને બાધા આપવાથી પણ સીગરેટ નથી છૂટતી.'' પછી તેમણે મને પૂછ્યું કે, ''શું સીગરેટ છોડવી છે ?'' મારે જવાબ આપતા પહેલા વિચારવું પડ્યું અને ૨ મિનિટ પછી મે હા કહી. મને એમ હતું કે ગુરુદેવ હમણાં મને બાધા આપી દેશે અને મે આંખ બંધ કરી હાથ જોડી દીધા.. ત્યાં તો શબ્દ સંભળાયા.. **''તારે વિચારવું પડ્યું એનો મતલબ કે તમારી પાત્રતા હજી વ્યસન મુક્ત રહેવાની થઇ નથી,** થોડા દિવસ પછી બાધા આપીશ.'' મને તો જાણે પંદર દિવસ સીગરેટ પીવાનું લાઇસન્સ મળી ગયું.

એ પંદર દિવસમાં રોજની ૩ થી ૪ સીગરેટ વધી ગઇ. માનસી ગુસ્સો કરતી તો હું કહેતો કે હવે પંદર દિવસમાં તો છોડવાની છે ને.. પંદર દિવસ પૂરા થયા અને ગુરુદેવ પાસે ગયો ત્યારે

તેમણે કહ્યું આવતા ગુરુવારે તને બાધા આપીશ.. ગુરુવારને પાંચ દિવસની વાર હતી, હવે તો છેલ્લા પાંચ જ દિવસ સીગરેટ પીવાના રહ્યાં, તેમ સમજી રોજની પાંચથી સાત સીગરેટ પહેલા કરતાં વધી ગઇ. ગુરુવાર આવ્યો.. ગુરુદેવ ત્યારે મુલુંડ બિરાજમાન હતા, ઘાટકોપરથી મુલુંડ જતા રસ્તામાં પંદર મિનિટના સમયમાં બે સીગરેટ પી લીધી. ગુરુદેવનો ઉતારો હતો, ત્યાં પહોચ્યાં ત્યારે મારી પાસે એક જ સીગરેટ વધી હતી એટલે મે માનસીને કહ્યું કે, ''તું ઉપર જા, હું પાંચ જ મિનિટમાં આવું છું'' અને મે છેલ્લી સીગરેટ સળગાવી.

હું ઉપર જઇને ગુરુદેવ પાસે બેઠો. દસ-પંદર મિનિટ ધર્મલાભ લીધો અને ગુરુદેવને મને સીગરેટની બાધા આપવા માટે કહ્યું.. ગુરુદેવ મારી સામું જોઇને હસ્યા અને ફરી પૂછ્યું કે : ''પાકું છે ને ? બાધા આપી જ દઉં ?'' મે હા પાડી. ગુરુદેવની પાસે આવી બાધા લેવા હાથ જોડયા. ગુરુદેવએ કહ્યું કે, ''તારાથી સીગરેટ નહીં છૂટે હું તને ગમે તેટલું સમજાવું, બોધ આપું પણ તું તો તારી મરજી પ્રમાણે જ જીવીશ. જો તારે સીગરેટ છોડવી જ હોત તો તું છેલ્લી સીગરેટ નીચે ન પીતો હોત.

જેને હંમેશ માટે છોડવું જ છે તેને છેલ્લી શું કે પહેલી શું ? મને છેક ત્યારે મારી ભૂલ સમજાણી. હું ખૂબ રડયો પણ ગુરુદેવ એકના બે ન થયા. **એક તરફ વર્ષોનું વ્યસન બીજી તરફ જનમો જનમનું ઋણાનુબંધ...ગુરૂપ્રેમ... એક તારાજ કરે અને બીજા તારે.** હવે મારે નક્કી કરવાનું રહ્યું કે મારે શું કરવું?

સીગરેટ તેની જાતે જ છૂટી ગઇ તો પણ હું મહિનાનાં મહિનાઓ સુધી રોજ આશા રાખતો કે ગુરુદેવ મને બાધા આપશે. પાંચથી છ મહિના પછી મારી ભકિત ફળી અને પુણ્યનો ઉદય થયો. એક દિવસ મેં ગુરુદેવની પાછી માફી માંગી અને રડતી આંખે વિનંતી કરી કેઃ ''ગુરુદેવ ! મારી ભૂલ થઇ ગઇ હતી અને તે દિવસથી સીગરેટ છૂટી પણ ગઇ છે. હવે મને માફ કરી દો અને બાધા આપો.''

ગુરુદેવ ખૂબ જ ખુશ થયા અને તેમણે મને બાધા આપી.

# LOVE AND CARE

ગીરનારધામ.... મુંબઇથી વસઇ તરફ જતાં રસ્તામાં, વિહાર કરતાં સાધુ સંતો માટે હાઇવે પર સ્થિત વિશ્રામધામ છે. ગુરુદેવ વસઇ તરફ વિહાર કરી રહ્યાં હતા ત્યારે એક રાત્રી મુકામ ગીરનારધામમાં હતો. હું સાંજના છ વાગે ગુરુદેવના દર્શન કરવા ત્યાં પહોંચ્યો...

ગુરુદેવની સાથે હું એકલો બેઠો એમની વાણી અને જ્ઞાનનો લાભ લઇ રહ્યો હતો. રાત્રે મેં ગુરુદેવની પાસે ઘરે જવા આજ્ઞા માંગી, દસ વાગ્યાની આસપાસ સાચું કહું તો ઘરે જવાની ઇચ્છા તો બિલકુલ ન હતી પરંતુ ત્યાં મોટા મોટા મચ્છરો હતા તેથી રોકાવા માટે મન નહોતું માનતું.. ત્યાં તો ગુરુદેવે રોકાઇ જવા કહ્યું. ઇચ્છા તો મને પણ બહું જ હતી પણ વિચાર્યું કે મચ્છરનું શું કરવું ? ગુરુદેવે કહ્યું કેઃ **''મચ્છરની ફિકર કર નહી, નહીં કરડે.''** અને હું રોકાઇ ગયો.

થોડી વાર પછી મને ઉંઘ આવી ગઇ અને હું સૂઇ ગયો, રાતના અચાનક અઢી વાગે મારી આંખ ખૂલી તો ગુરૂદેવને મને હાથથી પંખો નાખી મચ્છર ઉડાડતા હતા. પણ ઉંઘને કારણે સપનુ માનીને આંખ બંધ થઇ ગઇ. ત્યારબાદ ચાર વાગે પાછી આંખ ખૂલી તો એ જ દ્રશ્ય... પાછી સાડા ચારે આંખ ખુલી અને પાછુ એ જ દ્રશ્ય દેખાયું.. સફાળો બેઠો થયો, ત્યારે ગુરુદેવ બોલ્યા કેઃ ''સૂઇ જા ! હજી તો સાડા ચાર જ વાગ્યા છે.'' ગુરુદેવનાં સાંનિધ્યમાં આવ્યા પછી હંમેશાની જેમ એ વખતે પણ મને પોતાને જ લકી માનીને ખુશ થયો કે ગુરુદેવ મને મચ્છર ના કરડે એટલા માટે આખી રાત જાગ્યા...!

અત્યારના એ ઘટના વિચારતા ખૂબ જ ક્ષોભ થાય છે અને એ દિવસ માટે ગુરુદેવ સમક્ષ જેટલી માફી માંગું એ ઓછી જ છે અને જેટલું પ્રાયશ્ચિત કરૂ તેટલું ઓછું છે... ત્યારે મને થતું કે હું કેટલો લકી છું પરંતુ હવે સમજાય છે કે હું કેટલો નાદાન હતો કે; આવા મહાન આત્માને, મારા માટે મે જગાડયો ?

ગુરુદેવ ખરેખર નારીયેળ જેવાં છે; શિસ્તમાં; જરા પણ આડું અવળું ન ચલાવે પરંતુ દીલનાં સોફ્ટ, સરળ અને દયાના સાગર ! આજે સમજાય છે... ગુરૂનું ગુરૂત્વ હોય છે કે જે એમનાં શરણમાં આવે તેના આત્માનો ઉત્કર્ષ...વિકાસ...કલ્યાણ કરવાનો.. **મારા ગુરુએ એક રાત જાગીને વર્ષોથી સુતેલાં મારા આત્માને જગાડી દીધો.**

# PARTNERSHIP WITH PARMATAMA

ગુરૂદેવના સંપર્કમાં આવ્યા પહેલા પૂના પાસે એકસો એકરની જગ્યામાં અમારૂ ઘોડાઓનું એક સ્ટડ ફાર્મ હતું. અમે એમાં ત્રણ પાર્ટનર્સ હતા. જેમાંના એક લંડન સ્થિત એન. આર. આઇ હતા. ફાર્મની રોજબરોજની જરૂરીયાતની જવાબદારી મારા પર હતી. આ સ્ટડ ફાર્મને કારણે મારે ઘરમાં માનસી તથા મમ્મી-પપ્પા સાથે ઘણી વખત વિવાદ થતા હતા. તેમના મતે આપણે જૈન હોવાથી સ્ટડફાર્મનો બિઝનેસ ન કરવો જોઇએ અને મારી દલીલ હંમેશા રહેતી કે સ્ટડફાર્મમાં એક તો આપણે ઘોડાઓનું ધ્યાન રાખીએ, તેમની સંભાળ કરીએ.. અને માવજત પણ કરીએ પછી પાપ શેનું ?

ગુરુદેવ મળ્યા પછી મે તેમને પૂછ્યું કે શું સ્ટડફાર્મનો ધંધો કરવો એ પાપ બાંધવાનું નિમિત છે ? ગુરુદેવ મને સામે પૂછ્યું કે, ‘‘જો મારો ‘‘હા’’ માં જવાબ હશે તો તું શું કરીશ ?’’ અને મે તેમને કહ્યું, ‘‘જો સ્ટડફાર્મ ચલાવવાથી પાપ લાગતું હોય, અને તમે મને પાપનું કારણ સમજાવી શકશો તો હું સ્ટડફાર્મનો ધંધો બંધ કરી દઇશ.’’

ગુરુદેવે મને સમજાવ્યું કે જેનો તમે ઉછેર કરો છો, તેનો હેતુ વ્યાવસાયિક છે તમે તમારા લાખો રૂપિયાના નફાને રળવા ઘોડીઓને વારંવાર વારંવાર ગર્ભધારણ કરાવી, ઘોડાઓનો જન્મ અપાવો છો તેથી તે ધંધામાં પાપ છે. ગુરુદેવની વાત મને સ્પર્શી ગઇ અને મે આ ધંધાની ભાગીદારીમાંથી છૂટા થવાનું નક્કી કર્યું. ઘોડાઓની રોજબરોજની જવાબદારી મારા ઉપર હોવાથી આ ધંધામાંથી કેમ છૂટો થઇશ તેની મુંઝવણ થવા લાગી. આ કોઇ ફેક્ટરી કે દુકાન તો ન હતી કે, બસ, ઇચ્છા થઇ અને ધંધો બંધ કરી નાંખ્યો ! સ્ટડફાર્મનો ધંધો એક એવો ધંધો છે કે જેને વેચવા જાવ તો કરોડના પચાસ લાખ પણ ન મળે અને ખરીદો તો કરોડના બે કરોડ પણ આપવા પડે. વળી, ફાર્મ પર ધ્યાન ન આપીએ તો ૩૦૦ થી વધારે ઘોડાઓ, જે ત્યાં હતા, એમનું શુંથાય ? અને આપણી બેજવાબદારીના કારણે જો કોઇ ઘોડાનું મૃત્યુ થાય તો તે પાપમાંથી મુક્ત ન થઇ શકાય..

મેં ગુરુદેવને મારી મુંઝવણ સમજાવી અને કહ્યું કે ગુરુદેવ જયાં સુધી ફાર્મ સંભાળવા માટે કોઇ બીજો પાર્ટનર ન મળે ત્યાં સુધી મારે જવાબદારી લેવી જ પડે. મારી તકલીફ જુદી હતી, પૈસાનું રોકાણ કરનારા કદાચ મળી રહે પણ સાથે ધંધામાં રોજબરોજનું ધ્યાન રાખે તેવો પાર્ટનર મળવો અત્યંત મુશ્કેલ હતો. ગુરુદેવે કહ્યું ફિકર ન કર, ત્રણ મહિનામાં તું રાજીખુશીથી અને સ્વેચ્છાએ આ ધંધામાંથી બહાર નીકળી શકીશ. બે અઢી મહિના થયા હશે અને ખુશીનું કિરણ દેખાયું, મારો જ એક મિત્રને મારો ભાગ ખરીદવામાં રસ પડયો... ત્યાં જતા પહેલા, ગુરુદેવના દર્શન કરી આશિર્વાદ લેવા માટે ગયો. ગુરુદેવે આશીર્વચન આપતા માત્ર એટલું જ કહ્યું: **“શુભમ્ ભવ:”.**

તે સમયે મે સ્ટડફાર્મમાં મારા ભાગના બે કરોડ અને ૪૦ લાખ રૂપિયા રોકેલ. મને ખબર હતી કે સામેની વ્યકિત મને એક કરોડની ઓફર આપે તો પણ મારે માનવું જ પડશે. મીટીંગમાં જતી વખતે મે વિચાર્યું કે મને બે કરોડ રૂપિયા મળે તો હું ખુશ છું અને **જો બે કરોડથી વધારે રૂપિયા મળે તો તેટલી રકમ હું ધર્માદામાં વાપરીશ.** આવું નક્કી

કરીને હું મીટીંગમાં પહોંચ્યો, નવો આવનાર પાર્ટનર પણ મારો જુનો મિત્ર જ હતો તેણે મને કહ્યું કે, ''બોલ કેવી રીતે નક્કી કરવું છે ?'' અને હું તો હજી એને કહેવા જતો હતો કે ''મે બે કરોડને ૪૦ લાખ રૂપિયા લગાડયા છે, પણ....'' એટલું બોલ્યો ત્યાં તો તેણે કહ્યું કે, ''હું તને બે કરોડ અને ૪૦ લાખ રૂપિયા જ આપીશ, નફો નહીં આપું.'' હું ખૂબ જ ખુશ થયો કારણ કે હું તો તેને કહેવા જતો હતો કે, ''મે બે કરોડને ૪૦ લાખ રોક્યા છે પણ તમને જે વ્યાજબી લાગે તે મને મંજૂર રહેશે.'' હું વાક્ય પૂરૂ કરૂ તે પહેલા જ તેમણે ૨ કરોડ ૪૦ લાખમાં સોદો નક્કી કરી નાંખ્યો.

સાંજના ફરી ગુરુદેવ પાસે ખુશખબર આપવા ગયો મને જોતા જ ગુરુદેવે કહ્યું કે સોદો થઇ ગયો ને ? મે કહ્યું, ''જી ગુરુદેવ !'' અને ગુરુદેવે બીજું વાક્ય કહ્યું કે, **''તે આજે મીટીંગમાં જતા પહેલા જે નક્કી કર્યું હતું તે ભૂલતો નહી.''** હું વિચારવા લાગ્યો કે આ વાતતો મે કોઇને કરી જ નથી તો ગુરુદેવને કેમ ખબર પડી ? મે ગુરુદેવને સામું પૂછ્યું કે, ''ગુરુદેવ, મે શું નક્કી કર્યું હતું ?'' તેઓ હસ્યા અને બોલ્યા કે, ''તારી ગુરુને ચકાસવાની આદત

હજી ગઇ નથી.. તને 'શુભમ્ ભવ' ના આશીર્વાદ મે જ આપ્યા હતા તે યાદ છે ને ? તને તો બે કરોડ જોતા હતા. તારો સોદો બે કરોડને ચાલીસ લાખમાં થયો, તે ચાલીસ લાખ રૂપિયા સમયસર સતકાર્યમાં વાપરી લેજે.'' હું તરત ગુરુદેવના પગે પડયો અને તે ચાલીસ લાખ રૂપિયાના ડોનેશનનું ખાતુ મારી ડાયરીમાં બનાવ્યું.

તે દ્વિવસ, તે ઘડી, કોક ઉત્કૃષ્ટ મુહૂર્તની હશે કે મને સારા કામોમાં પૈસા વાપરવાની પ્રેરણા અને સદ્દ્બુધ્ધિ મળી, તે દ્વિવસથી મે નક્કી કર્યું કે મારી આવકના અમુક ટકા (%) હું સારા કાર્યોમાં વાપરીશ.

સારા કાર્યો એટલે શું ? જે કાર્ય, સમાજનાં કોઇ પણ વર્ગનાં ઉત્કર્ષ માટે માનસિક શાંતિ, શારીરિક શાતા અને આત્મિક આરામનું કારણ બને. તે પ્રસંગ પછી મે નક્કી કર્યું કે આજથી ભગવાન મારા દ્દરેક ધંધામાં, દ્દરેક આવકમાં ભાગીદાર રહેશે. **જે દ્વિવસથી ભગવાન ભાગીદાર બન્યા, પરમાત્મા પાર્ટનર બન્યા ત્યારથી મારા ધંધામાં નીતિને પ્રાધન્ય મળવા લાગ્યું.** રૂપિયા કમાવવા માટે સાચું/ખોટું કરવાનું બંધ થઇ ગયું. કરવાનું તો છોડો,

વિચારવાનું પણ બંધ થવા લાગ્યું ! મને કદી તેજી કે મંદીની અસર ન થઇ, માનસીક રીતે ધંધાના ટેન્શન ન રહ્યા, પૈસાની પાછળ દોટ લગાડવાનું બંધ થઇ ગયું... આજ સુધીમાં મે કે મારા પરિવારે સત્કાર્યોમાં જે પણ યોગદાન આપ્યું તે પછી પણ મેજીક ફીગર બની ગયો.

ગુરુદેવની મારા ઉપર શું અનેરી કૃપા હશે કે મારા હાથે અનેક પરોપકારના કામ થવા લાગ્યા. હું જાણું છું કે હું તો ફક્ત નિમિત જ છું, ખરેખર તો ગુરુદેવની કૃપાદ્રષ્ટિ અને આશીર્વાદ જ કારણભૂત છે.

ભગવાનને ભાગીદાર બનાવવાનો અમુલ્ય મોકો આપ સર્વેને પણ હંમેશા મળેલો જ છે, તેનો લાભ અવશ્ય લેજો જેનાથી તમારા ઘરે પણ સૂરી આવક આવતી થાય... જેનાથી તમારા અને તમારા પરીવારના વિચારો શુધ્ધ થાય... જેનાથી આપનું, આપના પરિવારનું કે આપના હસ્તે સમાજનું શુભ થાય...

# MISSING MY VALENTINE

ગુરુદેવનું ૨૦૦૪માં ચાતુર્માસ બરોડા હતું. તેઓ ફેબ્રુઆરી ૨૦૦૪ બરોડા પહોંચી ગયા હતાં અને ૧૪મી તારીખે વેલેન્ટાઇન ડેના દિવસે મને તેઓ મળ્યાં તેને એક વર્ષ પુરૂ થવાનું હતું; હું ખુબ ઉત્સાહિત હતો; મેં ગુરુદેવને કહ્યું હતું; ‘‘ગુરુદેવ હું હર વર્ષે ૧૪મી ફેબ્રુઆરીએ તમારા દર્શન કરવા જરૂર આવીશ.’’ ગુરુદેવે કહ્યું: **‘‘તેવા તારા યોગ નથી.’’** છતાં હર હંમેશની જેમ મેં આગ્રહ રાખ્યો અને ‘સરપ્રાઇઝ’ આપવાનું વિચાર્યું..

૧૪મી ફેબ્રુઆરીએ વહેલી સવારનાં ૫:૪૫ ની ફ્લાઇટ હતી; એરપોર્ટ ૫:૦૦ વાગ્યે પહોંચવાનું હતું; વહેલી સવારે મારાં ઘરથી એરપોર્ટ જતાં ૨૦ મીનીટ લાગે; હું વહેલો તૈયાર થઇને ખુશ થતો થતો ૪:૧૫ વાગ્યે નીકળ્યો અને એરપોર્ટ પહોંચવા આવ્યો ત્યાં જ ભરપૂર ટ્રાફિકજામ...! તે દિવસે સવારે એરપોર્ટ નજીક એર ઇન્ડિયામાં જોબ પ્લેસમેન્ટ માટે ફોર્મ ભરવાની તારીખ હતી; હજારો યુવક-યુવતીઓ ફોર્મ ભરવા રાત્રીથી જ આવેલા; તેને લીધે ટ્રાફિકજામ

હતો. ૫:૧૫ વાગે એરપોર્ટ પહોંચ્યો. ટીકીટ કાઉન્ટર બંધ થઇ ગયું હતું અને મારી ફ્લાઇટ મીસ થઇ ગઇ. જાણે મને ગુરુદેવના વાઇબ્રેશન્સ મળ્યા ‘‘મેં તને પહેલાં જ કહ્યું હતું કે તું ૧૪ ફેબ્રુઆરીએ મને નહીં મળી શકે, તું મારું માનતો નથીને, એટલે હેરાન થાય છે.’’

નેક્સ્ટ ફ્લાઇટ સાંજના ૬:૦૦ વાગે હતી; તે ફ્લાઇટની ટીકીટ પહેલા જ કરાવી. સવારના અનુભવ પછી સાંજે તો ‘હું’ એરપોર્ટ જવા માટે ૨ કલાક વહેલો નીકળી ગયો. મારે કોઇ રીસ્ક જ નહોતું લેવું. કોઇપણ હાલતમાં ગુરુદેવનાં દર્શન તો કરવા જ હતાં. રસ્તો પણ મેં બદલી નાંખ્યો. જેથી ફરી ટ્રાફિકમાં ફસાઇ ન જાઉં. થોડે સુધી તો રસ્તો સાફ હતો એટલે હું એકદમ નિશ્ચિંત થઇ ગયો. અચાનક જ પાંચ મીનીટમાં એરપોર્ટ પહોંચતા પહેલા સવાર જેવો જ ટ્રાફિક થઇ ગયો અને હું ગાડી મૂકીને એરપોર્ટ તરફ રીતસર દોડયો..પણ મોડું થઇ ગયું હતું. મને ઉંડે-ઉંડે એમ હતું કે કદાચ પ્લેન મોડું હોય; એરપોર્ટ પહોંચતા મને ૭:૦૦ વાગ્યા અને **પ્લેન તો મને લીધા વગર જ ઉડી ગયું હતું!!** હું ગુરુદેવ પાસે બરોડા પહોંચી ન શક્યો;

ગુરુદેવને મેં ત્યારે ખબર આપ્યા કે મારું આજે એક જ દિવસમાં બે વાર પ્લેન છુટી ગયું અને ગુરુદેવએ કહ્યું કે,''સર કો સરપ્રાઇઝ નહીં દેતે! મેં તો તને વારંવાર કહ્યું હતું કે તું નહીં પહોંચી શકે પણ તું માનતો ન હતો.'' ત્યારથી આજ સુધી મેં હંમેશા માર્ક કર્યું છે કે હું કોઇને કોઇ કારણસર ગુરુદેવને ૧૪ ફેબ્રુઆરીના દિવસે મળી નથી શકતો.

તેનું રહસ્ય આજ દિન સુધી નથી જાણી શક્યો. પૂછ્યું તો કેટલી બધી વાર પણ ગુરુદેવ મૌન રહીને, એ વાતને હસીને ઉડાડી દે છે! અને પ્રોબ્લેમ એ કે મને એમનું મૌન સમજાતું નથી...!!!

# PARASDHAM - ITS POSITIVE

મારાં ઘરે સંત-સતીજીઓનાં પગલાં મુશ્કેલીથી થતાં કારણ કે હું ૧૩માં માળે રહેતો; ગુરુદેવને મળ્યાં પછી મને ઘણાં સમયથી વિચાર આવતો કે આપણું ઘર એવું હોવું જોઇએ જે સંત સતીજીને અનુકૂળ આવે અને અમે વૈયાવચ્ચનો લાભ પામી શકીએ. તરત મને મારા સામેના જ બિલ્ડીંગમાં પહેલાં માળે એક ફ્લેટ મળ્યો, અમે તરત ખરીદી લીધો. હું વધારે ખુશ એટલા માટે હતો કે ગુરુદેવને ઇચ્છા થાય ત્યારે શેષકાળમાં તેઓ પધારે તો હું તેમની સેવા કરી શકું.

પણ જાણે નિયતીને મંજુર ન હતું કે આટલા મોટા ગુરુદેવ અને તેમનાં ઉતારા માટે એક નાનકડો ફ્લેટ? થોડા દિવસોમાં સોસાયટીએ વાંધો ઉઠાવ્યો; કારણ કે જૈન સાધુ-સાધ્વીજીઓ ટોઇલેટ નથી વાપરતાં; પરોઠવા જાય છે; અને તેથી તેમને તકલીફ થાય છે. તેઓએ મને જે વિનંતી કરી તે વાત મેં ગુરુદેવને દુઃખી થઇને જણાવી. તેમણે ફક્ત એટલું જ કહ્યું કે,**''તારાં હાથે વધારે સારું કામ થવાનું હશે!''**

ગુરુદેવે એવું ''ધર્મ-સ્થાનક'' બનાવવાની પ્રેરણા આપી જ્યાં યંગસ્ટર્સને પણ સામેથી આવવાનું મન થાય. સામાન્ય માણસ આજનું વિચારે. **જ્યારે મારા ગુરુ તો દીર્ઘ ભવિષ્યનું વિચારે.** અને મારૂ રિસર્ચ શરૂ થયું. યંગસ્ટર્સને ગમે તેવું વાતાવરણ ઊભું કેવી રીતે થાય?

૧.જૈન સ્થાનકો સાફ-સૂથરાં નથી હોતાં ખાસ કરીને જૈન ઉપાશ્રયો.
૨.બાથરૂમ, ટોઇલેટની વ્યવસ્થા બરોબર નથી હોતી.
૩.માઇકનો વપરાશ ન હોવાથી દરેક વ્યક્તિ સંત-સતીજીની વાણીનો લાભ નથી લઇ શકતાં.

**જે પરમાત્માનું કામ નિઃસ્વાર્થ ભાવે કરે તો પરમાત્મા તેના બધા જ કામ સફળ કરે.** સ્થાનક બનાવવા કેટલો ખર્ચ થશે; ખબર ન હતી પણ; ફિકર નહોતી; કારણ કે ગુરુદેવનાં આશીર્વાદ મળેલાં હતાં. મેં ગુરુદેવ પાસે આજ્ઞા માગી કે, આપણે જે સ્થાનક બનાવવાનું છે તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. મને હતું કે ગુરુદેવ ખુશી-ખુશી આશીર્વાદ આપશે પરંતુ ગુરુદેવે કહ્યું કે,''નહી, આ જૈન

સ્થાનક બનાવવામાં સર્વેની સાથ લેવાનો છે; કોઇપણ ધાર્મિક કે આધ્યાત્મિક સંકુલ બને તો અનેકનાં પુણ્યની જરૂર પડે. તારે દરેકનો શારીરિક, માનસિક અને આર્થિક સાથ લઇને જ સ્થાનક બનાવવાનું રહેશે.''

ગુરુદેવે પાર્શ્વનાથ ભગવાનનાં આશીર્વાદ લઇને આ મિશન શરૂ કરાવેલું તેથી તેમણે નવી બનનારી ઇમારતનું નામ 'પારસધામ' રાખ્યું. જાણે પાર્શ્વનાથ ભગવાને પાર્શ્વયક્ષ દેવને જગ્યા ગોતવાનું કામ સોંપી દીધું હોય તેમ તરત જ અમને ઘાટકોપરમાં જગ્યા મળી ગઇ, જગ્યાનું પઝેશન મળ્યું. ગુરુદેવને પહેલેથી જ વિનંતી કરી કે તેમનું આગામી ચાતુર્માસ **'પારસધામ'**માં કરે. ચાતુર્માસને સાત મહિનાનો જ સમય બાકી હતો અને અમારી સાઇડથી તો હજી પ્લાન મ્યુનિસિપાલટીમાં મંજૂરી માટે પહોંચ્યા હતા. મારી સાથે અનેક ગુરુભક્તોનો સાથ-સહકાર અને સહયોગ હતો. તરત જ બાંધકામ શરૂ થયું. પ્લોટ નાનો હતો. આજુબાજુ રેસિડેન્સ એરિયા હોવાથી રાત્રે બાંધકામની મનાઇ, બાંધકામનાં મટીરીયલ્સ રાખવાની જગ્યાની તકલીફ. નાની એવી તકલીફ પણ અમારા નિશ્ચયની દ્રઢતામાં વધારો કરતી હતી, જાણે એક સંકલ્પ જ હતો કે 'પારસધામ' ધાર્મિક

અને સામાજિક કાર્ય માટે દરેક રીતે, એક ઉમદા સ્થળ બને. ગુરુભક્તોનો બધી રીતે યથાશક્તિ સાથ-સહકાર મળવા લાગ્યો.. જોતજોતામાં સાત મહિના પૂરા થયા. એમ કહી શકાય કે સાત મહિના સફળ થયા અને પારસધામ તૈયાર થયું.

આજે તે દિવસને યાદ કરું છું તો એક આનંદની લહેર છવાઇ જાય છે. હું કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં છું. અનેક બિલ્ડીંગો બાંધ્યા છે પરંતુ ગુરુની આજ્ઞા સાથેનું ‘પારસધામ’ બન્યું ત્યારે કોઇ પ્રકારના વિઘ્નો, આપત્તિ કે પૈસાની અગવડ ઉભી ન થઇ, તે ગુરુના આશીર્વાદવગર શક્ય જ ન હતું.

૨૨મી જુલાઇ, ૨૦૦૭ના પાવન દિવસે પારસધામમાં ગુરુદેવનો ચાતુર્માસ મંગલ પ્રવેશ થવાનો હતો. ગુરુદેવ અમારા ઘરેથી પારસધામમાં મંગલ પ્રવેશ કરવાના હતા. ૨૧ જુલાઇએ સાંજના ગુરુદેવ અમારા ઘરે પધાર્યા. અમે સર્વે ખૂબ જ ખુશ હતા. એક મહાન કાર્ય થઇ રહ્યું છે અને તેમાં હું નિમિત્ત હતો એ વિચારીને મને અત્યંત ખુશી થતી હતી. પણ મેં જોયું કે જાણે ગુરુદેવ મૂડમાં ન હતા. ચાતુર્માસનો મંગલ પ્રવેશ અને પારસધામનાં

વિધિવત ઉદ્દઘાટનના આયોજન અને ટેન્શન વગેરેને લીધે ગુરુદેવ કદાચ થાકી ગયા હશે એમ વિચારીને હું શાંત રહ્યો. **અચાનક જ મારો કાંઇ જ વાંક હોવા ન છતાં ગુરુદેવ મારા પર ગુસ્સે થવા લાગ્યા.** મને કારણ સમજાયું નહીં અને ચિંતામાં મારી ભૂલ શોધવા લાગ્યો. મને હતું કે ગુરુદેવ રાતના અમારી સાથે બેસીને ધર્મલાભ આપશે પરંતુ ગુરુદેવ તો વહેલા સુવા જતા રહ્યા.

અમે સવારના ચાર વાગ્યે ઉઠીને તૈયાર થઇને ગુરુદેવના દર્શન માટે આતુરતાથી બેઠા હતા. સાડાચાર વાગે ગુરુદેવનાં રૂમનો દરવાજો ખૂલ્યો. મેં અને માનસીએ તેમના દર્શન કર્યાં અને તેમની નારાજગીનું કારણ પૂછ્યું, ફરી પાછું ગુરુદેવ મારા પર વગર કારણે ગુસ્સે થવા લાગ્યા.

મારો વાંક શું હતો તે વિચારવાનું તો જાણે હું ભૂલી ગયો! છેવટે ગુરુદેવ શાંત થયા અને સવારે તેમણે મારા ઘરેથી પારસધામ તરફ પ્રયાણ કર્યું. હું મનથી એકદમ તૂટી ગયો હતો; ઘણા લોકોએ મને પૂછ્યું કે, ‘‘પરાગભાઇ, આટલા મહત્વનાં દિવસે તમે નર્વસ કેમ લાગો છો?’’ અને તેઓ પોતે જ પોતાની જાતે જવાબ

આપી દેતા કે થાકી ગયા હશો એટલે મારે કોઇને ખોટું બોલવું ન પડયું.

પારસધામનું મુહૂર્ત અને ગુરુદેવનો મંગલપ્રવેશ ભવ્ય રહ્યો, અનેક લોકો, મહાનુભાવો સર્વે પધાર્યા હતા અન્ય સંતસતીજીઓ પણ ગુરુદેવને શુભેચ્છા આપવા પધાર્યા હતા. પાંચથી સાત હજાર માણસોની મેદની હતી. દરેકના મોઢે પરાગભાઇનાં વખાણ હતા. પરંતુ ''પરાગભાઇ''ના કાનમાં કોઇ વખાણ કે શુભેચ્છાના શબ્દો પડતા ન હતા.. ''એવું શું થઇ ગયું કે મારા ગુરુ આવા શુભ દિવસે મારા ઉપર આટલા નારાજ છે.''- તે વિચારવા સિવાય કોઇ પ્રવૃતિમાં ધ્યાન જ ના હતું.. મને તો ફક્ત ગુરુદેવની સ્માઇલ મળે તો જ આ દિવસ સાકાર લાગતો હતો. **ગુરુકૃપાની પ્રતિક્ષા એ જ મારી પરિક્ષા હતી !!** હું સ્ટેજ પર બેઠા બેઠા કે મારી સ્પીચ આપતી વખતે પણ રડવાનું રોકી શક્તો નહતો. હું ખરેખર ખૂબ દુઃખી હતો અને દરેક લોકો સમજતા હતા કે હું ખુશીના આંસુ રડી રહ્યો છું!! મેનકા ગાંધી, ઉધ્ધવ ઠાકરે, પ્રકાશ મહેતા જેવા રાજકારણી અને ગુરુભક્તોના મોઢે પણ પરાગભાઇના

વખાણ થતા હતા. ગુરુદેવે દરેક ભકતો જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પારસધામ બનાવવામાં સાથ આપ્યો હોય, તેઓની પ્રશંસા કરી અને શુભેચ્છા આપી. પરંતુ તે લીસ્ટમાં પરાગભાઇનું નામ ન હતું! પરાગભાઇ સામે દ્રષ્ટિ સુધ્ધા ના હતી! જાણે હું ક્યાંય હતો જ નહીં! અત્યારના તે દિવસ યાદ કરું છું ત્યારે... રડવું આવી જાય છે!

ગુરુદેવે તેમનું પ્રવચન એક નાનકડી વાર્તાથી શરૂ કર્યું.. ''એક દિવસ એક વાનર રામ ભગવાનના રૂમમાં પહોંચી ગયો. સામે એક રજિસ્ટર પડયું હતું. જેમાં રામ ભગવાને તેમના અનેક એવાં ભાગ્યશાળી ભકતોના નામ લખ્યા હતા, જેઓ દરરોજ ભગવાનને યાદ કરતા હતા. વાનર ફટાફટ બધાના નામ વાંચી ગયો અને અચંબામાં પડી ગયો, કારણ કે તેમાં હનુમાનજીનું તો નામ ક્યાંય જ ન હતું. વાનર ત્યાંથી સીધો ઉપડયો હનુમાનજી પાસે અને બધા સમાચાર આપી કહ્યું કે,''હે ભગવંત તમે જેને આખો દિવસ યાદ કરો છો, તેમને તમારી કોઇ
ગણના જ નથી.'' હનુમાનજી તો વાનરની વાત સાંભળી એકદમ વ્યાકુળ થઇ ગયા. ''હું પળે-પળે જેમને સ્મરૂ છું, તેમને એક વાર પણ મારી યાદના

આવી?'' દુઃખી-દુઃખી થતા, રડતાં-રડતાં પહોંચ્યા ભગવાન રામનાં દરબારમાં. ભગવાન તો અંતરજ્ઞાની હતા, તરત હનુમાનજીનું દુઃખ સમજી ગયા, તેઓ તેમની રૂમમાં ગયા અને બીજું એક રજિસ્ટર લાવ્યા અને હનુમાનજીને વાંચવા આપ્યું. હનુમાનજીએ જોયું તો આખી બુકમાં ફક્ત હનુમાનજીનું નામ લાખો વાર લખાયું હતું. ભગવાને કહ્યું કે મારી પહેલી બુકમાં એ બધા જ ભક્તોના નામ છે કે જે મને લાખો વાર યાદ કરે છે પરંતુ મારી બીજી બુકમાં એ જ ભક્તનું નામ છે જેને 'હું' લાખો વાર યાદ કરું છું.'' એટલી વાર્તા પૂરી કરી અને ગુરુદેવ બોલ્યા કે, ''**હું મારા હનુમાનને પારસધામના નિર્માણ નિમિત્તે શુભેચ્છા આપું છું** અને તેમણે તેમના રજોહરણમાંથી પોતાની 'માળા' કાઢીને મને ભેટ આપી. મારું દુઃખ પળભરમાં ઉડી ગયું અને મારા મોઢા પર અનેરી ખુશી, આનંદ અને ઉમંગ જાગી ઉઠયા.'' હાથમાં માળા હતી. દ્રષ્ટિ ગુરૂદેવની સામે હતી.. મેં કંઇ પૂછ્યું નહીં, તેમણે કંઇ કહ્યું નહીં તો પણ.. કારણ સમજાવા લાગ્યુ; જો ગુરુદેવે મને

આટલો અપસેટ ન કર્યો હોત તો બપોર સુધીમાં દરેક માણસોની પ્રશંસા, શબ્દો સાંભળી સાંભળીને મારાથી જાણતા કે અજાણતા અભિમાન થઇ જાત

અને આ મહાન કાર્યમાં પુણ્યની જગ્યાએ અભિમાનનું પાપ બંધાઇ જાત. **ગુરુનાં કોપનું કારણ પણ શિષ્યનું કલ્યાણ જ હોય ને!!** સાંજે ગુરુદેવ પાસે ગયો અને તેમણે સમજાવ્યું કે ગુરુનું કામ શિષ્યની સંભાળ લેવાનું છે. ગુરુને ખબર જ હોય કે તેના શિષ્યની પાત્રતા કેટલી હોય છે.

**ભવિષ્યનું દુઃખ નહીં, પણ દુઃખનાં કારણને પણ દૂર કરે તેવા છે ને મારા ગુરુ!!**

તે દિવસે મેં ગુરુદેવનું એક નવું સ્વરૂપ જોયું હતું. હું મારી જાતને હંમેશા ધન્ય માનવા લાગ્યો કે મારા પર આવા ગુરુના આશીર્વાદ છે.

# AARADHYAJI
## A DIVINE CALL

ફર્સ્ટ વીક ઓફ મે-૨૦૧૧ અમે અમારા યુગ દિવાકર પૂ. ગુરુદેવ પાસે બેઠાં હતાં અને ગુરુદેવે અમને કહ્યું,"**મમ્મીનો હવે બહુ લાંબો સમય નથી લાગતો.** એમની કોઇ ઇચ્છા અધુરી ન રાખતાં અને તેમને જેટલો વધુ સમય આપી શકો એટલો આપજો."

અમે વિચારમાં પડી ગયાં... મમ્મી તો એકદમ સ્વસ્થ અને સાજા સારા છે. ત્રણ-ચાર દિવસમાં જ એમને પેટમાં દુખાવો શરૂ થયો... ડૉક્ટરે નિદાન કર્યું, પથરીનો દુખાવો છે અને એ પ્રમાણે ટ્રીટમેન્ટ શરૂ કરી. મેં પૂ. ગુરુદેવને વાત કરી અને ગુરુદેવે એક માર્મિક સ્મિત આપી કહ્યું, ડૉક્ટર જે કરે છે તે કરવા ધ્યો... હજુ બીજા ટેસ્ટ કરવાનું કહેશે. અને બીજે જ દિવસે ડૉક્ટરે સોનોગ્રાફી અને એન્ડોસ્કોપી કરવાનું કહ્યું. ફરી ગુરુદેવને વાત કરી અને ગુરુદેવે કહ્યું, એન્ડોસ્કોપી રાઇટ વે છે અને હજુ એક ટેસ્ટ કરવાનું કહેશે. અને ખરેખર એમ જ થયું...

ડૉક્ટરે બાયોપ્સી કરાવવાનું કહ્યું. સાંજે ગુરુદેવને મળ્યાં. ગુરુદેવને વાત કરી. ગુરુદેવે કહ્યું, 'તને અંધારામાં નથી રાખવો. બાયોપ્સીના રીપોર્ટમાં કેન્સર આવશે.'

રીપોર્ટ ચાર દિવસ પછી આવવાનો હતો. રીપોર્ટ લેવા જતાં પહેલાં ગુરુદેવના દર્શન કરવા ગયો અને ગુરુદેવે કહ્યું, રીપોર્ટમાં કેન્સર આવશે અને એનો કોઇ ઇલાજ નથી અને કોઇ એલોપેથી ટ્રીટમેન્ટ પણ કરવા જેવી નથી. હું થોડો ઢીલો થઇ ગયો... પણ ગુરુદેવે મને પોઝીટીવ કરી અને પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું સમજાવ્યું.

સાંજે રીપોર્ટ લેવા ગયો ડૉક્ટરે એ જ રીપોર્ટ કહ્યો જે સવારે મને પૂ. ગુરુદેવે કહ્યો હતો. મમ્મી માટે આવા રીપોર્ટ સાંભળીને મારા ચહેરા પર કોઇ એક્સ્પ્રેશન ન આવ્યાં... તેથી ડૉક્ટરને પણ થોડી નવાઇ લાગી. એમને ક્યાંથી ખબર હોય કે, તમે જે રીપોર્ટ આપો છો એ તો મારા ગુરુદેવે મને સવારે જ આપી દીધાં છે, મારા માટે તો જુના થઇ ગયાં છે, વળી ગુરુદેવે મને પોઝીટીવ કરી દીધો છે એટલે એક્સ્પ્રેશન ક્યાંથી આવે?

મેં ડૉક્ટરને પૂછ્યું... આવા દર્દીનું આયુષ્ય કેટલું? ડૉક્ટરે જવાબ આપ્યો, અઢીથી ત્રણ મહિના. એમાં ૧૫ દિવસમાં જોન્ડીસ આવશે અને એ છેલ્લે સુધી રહેશે.

''ડૉક્ટર! આયુષ્ય લાંબુ થઇ શકે?'' ''જો વ્યક્તિ ખૂબ જ લકી હોય તો પાંચથી છ મહિના. મેં કેટલાં લકી છો તે ત્યારે જ ખબર પડશે. બીજું આની પીડા એકદમ અસહ્ય હોય અને કમ્પલસરી બેડ રેસ્ટ કરવાનો.

આ સાંભળી હું સાવ ભાંગી ગયો. ગયો સીધો ગુરુદેવ પાસે...!!! ગુરુદેવને રડતાં હૃદયે વાત કરી... ગુરુદેવે એ જ સ્મિત સાથે જણાવ્યું, જોન્ડીસ નહીં આવે **અને છેલ્લા સમય સુધી હરતાં ફરતાં રહેશે.** પછી સહજતાથી કહ્યું, આપણે જોશું કોણ સાચું? ૨૫મી મે-૨૦૧૧ ના રોજ કેન્સરના રીપોર્ટ આવ્યાં હતાં અને ૩૦મી જુલાઇ-૨૦૧૧...!!! મમ્મીએ અઢીથી ત્રણ મહિનાની બોર્ડર પાર કરી ત્યારે અમને થયું, મમ્મી લકીછે. છ મહિના પણ પસાર થઇ ગયાં. અને ડૉક્ટરની વાત યાદ આવી, 'તમે કેટલાં લકી છો તે ત્યારે જ ખબર પડશે.' એ પણ ખબર પડી ગઇ. અને પૂ. ગુરુદેવનું

એ સ્મિત પણ યાદ આવી ગયું, મમ્મીને નથી જોન્ડીસ આવ્યો કે નથી બેડ રેસ્ટ!! મમ્મી પહેલાંની જેમ જ હરતાં ફરતાં છે.

પૂ. ગુરુદેવની આજ્ઞા મુજબ કોઇ પણ એલોપેથી ન લેવાનું નક્કી કર્યું અને એમના માર્ગદર્શન મુજબ ફક્ત આયુર્વેદિક ટ્રીટમેન્ટ ચાલુ રાખી. બાકી બધું પૂ. ગુરુદેવના આશીર્વાદ ઉપર છોડી દીધું અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી ૧૪ મહિના થયા, ન કોઇ દુખાવો, ન કોઇ તકલીફ અને એ જ એમની મસ્તીમાં હરતા ફરતાં રહ્યાં.

પૂ. ગુરુદેવ પ્રત્યેની શ્રધ્ધા તો દ્રઢ થઇ જ હતી પણ એમના સંકેત, સમયે સમયે માર્ગદર્શન, અમને એડવાન્સમાં એલર્ટ કરવા... પરિસ્થિતિનો સ્વીકાર કરતાં શીખવવું અને કૃપાનો વરસાદ વરસાવવો... અમારા મસ્તક અહોભાવથી એમના ચરણોમાં ઝૂકી જાય છે, એમની કૃપા જ અમારી શકિત છે.

૩૦ જુનથી ૩જી જુલાઇ... હું ગુરુદેવ પાસે ચન્નઇ હતો. ૩જીના રાત્રે ચેન્નઇથી આવ્યો અને

૪થી જુલાઇના સવારના જ મેસેજ આવ્યો, 'હવે મમ્મી પાસે લાંબો સમય નથી, આયુષ્ય પૂર્ણ થવા પર છે. **ચત્તારિ શરણં પવ્વજ્જામિના જાપ શરૂ કરી દ્યો.'**

અમે એમની આજ્ઞા અનુસાર જાપ શરૂ કરી દીધાં. ત્યાં ફરી બપોરે મેસેજ આવ્યો, માર્ગદર્શન આપ્યું. જે પ્રમાણે એમની શાતા અને અડગતા છે અને સાથે પુણ્યનો ઉદય છે, તે પ્રમાણે તેમના માટે 'સંથારો' એ શ્રેષ્ઠ સાધના છે, ઇન્દીરાબેનને પ્રેરણા આપજો.

સાંજે ઘરે આવ્યો, મમ્મીને વાત કરી અને કહ્યું કે ગુરુદેવનો આ પ્રમાણે મેસેજ આવ્યો છે. એ ૧૪ મહિનામાં તો। પૂ. ગુરુદેવના દરેક શબ્દ એમના માટે બ્રહ્મ શબ્દ બની ગયાં હતાં. એમણે તરત જ કુટુંબની દરેક વ્યક્તિ સમક્ષ પોતાના ભાવ રજૂ કર્યા અને સંથારો ગ્રહણ કરવાની આજ્ઞા માંગી.

ગુરુદેવની આજ્ઞા હોય અને એમનો અંતિમ સમય અને એમના ભવોભવ સુધરતાં હોય, તો તેની સામે આપણી લાગણીઓની કોઇ વેલ્યુ ન

કહેવાય... લાગણીઓના કારણે ન આપણે એમના ભાવો સામે અંતરાય લેવાય કે ન એમનો ભવ જે સુધારવા જઇ રહ્યો છે તેને અટકાવાય, તેવો દરેકનો મત આવ્યો.

અને બધાંએ મમ્મીને 'સંથારો' માટે સહર્ષ 'હા' પાડી. 'જો તમારી ઇચ્છા હોય તો અમારા સહુની અનુમોદના છે.' સાંજે મમ્મીએ પૂ. ગુરુદેવ સાથે વાત કરવાની ભાવના વ્યકત કરી. સ્પીકર ફોન ઉપર માત્ર ને માત્ર બે જ વાક્યોની આપ-લે થઇ અને એમનું જીવન અને મૃત્યુ બંને સુધરી ગયાં. એમનો આ માનવ ભવ સાર્થક થઇ ગયો...!!!

એ બે વાક્યો હતાં. મમ્મીએ ગુરુદેવને કહ્યું, ''સંથારામાં મારે શું કરવાનું હોય મને ખબર જ નથી.'' અને બીજુ વાક્ય હતું, તમારી પ્રેરણા અને તમારી જવાબદારી ઉપર દ્રઢ વિશ્વાસ રાખી, તમે જે સાધના કરવાનું કહો છો તે કરવા હું તૈયાર છું, મારે ક્યારથી મારી સાધના શરૂ કરવાની છે?

અમે તો જોતાં જ રહી ગયાં. આટલું મોટું ડિસીઝન એમણે એ નાનકડા બે વાક્યોમાં લઇ લીધું? ગુરુદેવના મુખેથી **'શુભમ્ ભવ'**ના આશીર્વાદ અને કૃપામિશ્રિત શબ્દો સાંભળી તે જ ક્ષણેથી તેઓ સંથારા ભાવમાં આવી ગયાં. બધાં સંબંધ, લાગણીઓ અને ઇચ્છાઓ ત્યાં જ પૂરા થઇ ગયાં. બીજા દિવસની સવારથી તેમના ચહેરા પર ગજબની તાજગી અને અલગ જ પ્રકારનું તેજ હતું.

ગુરુદેવે કહ્યું, સાધના કરવા પારસધામ આવી જાઓ. ત્યાંના પવિત્ર અને પોઝીટીવ વાતાવરણમાં શ્રેષ્ઠ સાધના કરી શકશો.

ઘર છોડતી વખતે પણ... ઘરની બહાર નીકળ્યાં પછી એક વાર પણ પાછું ફરીને નથી એ ઘર સામે જોયું કે નથી ઘરની કોઇ વ્યકિત તરફ...આટલી અડગતા, આટલી નિર્લેપતા અને આટલો આત્મવિશ્વાસ

ગુરુકૃપા વગર આવી જ ન શકે.

આજ સુધી હું એમ જ માનતો હતો કે અમારા કુટુંબમાં પૂ. ગુરુદેવનો પડયો બોલ ઝીલવાવાળો હું એક જ છું પણ આજ મને ખૂબ જ ખુશી છે અને **ગૌરવ પણ છે કે મારા માતુશ્રી ઇન્દીરાબેન મારા કરતાં સવાયા સમર્પિત સાબિત થયા!**

– પરાગ શાહ

આ મારા ભાવો છે,

મારા ગુરુદેવનો અનુભવ છે,

આ પરમ સત્ય તમને સ્પર્શો તો!

- પરાગ શાહ

ગુરુદેવ !

આ મારા ભાવ ના લેખનમાં

મેં આપની અશાતના કરી હોય

તો ક્ષમા માંગુ છું.

- પરાગ શાહ

# Stay connected

www.youtube.com/ParasdhamTV

www.instagram.com/Parasdham

www.facebook.com/ParasdhamIndia

Visit : www.parasdham.org

WhatsApp "Jai Jinendra" to:

INDIAN USERS: +91 79 77 5555 02

INTERNATIONAL USERS: +91 79 77 5555 07


PARAM~G MOBILE APP

GET IT ON Google Play Available on Available on the App Store



PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077. Phone: 022-32043232
www.parasdham.org, www.arham.org, www.looknlearn.in